પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૫/૦૪/૨૦૨૬, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ ચૈત્ર વદ-૧૩ વર્ષ : ૧૭ અંક : ૧૦૩


**સુવિચાર**

''કોઈપણ દેશનાં નિર્માણ પાછળ, એ દેશની પ્રજાનું હજારો વર્ષનું સમર્પણ છુપાયેલું હોય છે.''


:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭





## રેલી, પુષ્પાંજલિ, સમૂહભોજન અને ભક્તિ સંગીત સાથે

# અમરેલી જિલ્લામાં ડો. બાબાસાહેબની ૧૩૫ મી જન્મજયંતીની ઉત્સાહભેર ઉજવણી

**જિલ્લાનાં મુખ્ય શહેરથી લઈને છેવાડાનાં ગામ સુધી બંધારણનાં ઘડવૈયાને પુષ્પાંજલિ અર્પણ કરાઈ**

**જિલ્લાનાં મુખ્ય મથક ખાતે વિશાળ રેલી, પુષ્પાંજલિ સહિતનાં કાર્યક્રમો યોજાયા**

**બહારપરા અને ચિતલ રોડ વિસ્તારમાં ધ્વજ અને રોશનીનો ઝગમગાટ જોવા મળ્યો**

**ડો. બાબાસાહેબ કરોડો નાગરિકોનાં ઉદ્ધારક અને પ્રેરણાદાયી બની રહ્યા છે**



અમરેલી, તા. ૧૪

ભારતનાં બંધારણનાં ઘડવૈયા, ભારતરત્ન અને કરોડો નાગરિકોનાં ઉધ્ધારક ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૩૫ મી જન્મજયંતીની આજે જિલ્લાનાં મુખ્ય મથક અમરેલીથી લઈને દરેક શહેરો અને છેવાડાનાં ગામ સુધી ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી અને વાતાવરણમાં ''જય ભીમ''નો નાદ ગુંજી ઉઠયો હતો.

અમરેલીમાં ચિતલ રોડ અને બહારપરા સહિતનાં વિસ્તારમાં ધ્વજ, આકર્ષક કમાન અને રોશનીનો ઝગમગાટ ઉભો કરવામાં આવ્યો હતો અને સવારે શહેરમાં વિશાળ રેલી યોજાઈ હતી. જેમાં હજારોની સંખ્યામાં સૌ કોઈ ઉપસ્થિત રહ્યા હતા.

શહેરનાં રાજમાર્ગો પર ફરીને એસ.ટી. બસપોર્ટ નજીક ડો. બાબાસાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ

અનુસંધાન પાના ૬ ઉપર

### પત્ની અને દીકરા સાથે દર્શનાર્થે બાઈકમાં જતાં હોય

# અમરેલીનાં હનુમાનપરામાં રહેતા મનોજભાઈનું માર્ગ અકસ્માતમાં મોત

**પત્ની અને દીકરો પણ ઈજાગ્રસ્ત થયા**

અમરેલી, તા. ૧૪

અમરેલીનાં ગુણાતીતનગર, હનુમાનપરા વિસ્તારમાં રહેતાં રાકેશભાઈ મોહનભાઈ દેસાઈનાં નાના ભાઈ મનોજભાઈ તથા તેમના પત્ની નિમીષાબેન તથા તેનો દીકરો શિવાંશ એમ ત્રણેય લોકો ગત તા. ૧૨નાં રોજ સાંજે ૫ વાગ્યે પોતાના સ્પેલન્ડર મોટર સાયકલ લઈને અમરેલીથી ભુરખીયા મંદિરે દર્શન કરવા માટે જતાં હતા તે

અનુસંધાન પાના ૬ ઉપર

# નાગેશ્રી વિસ્તારમાં હથિયાર લઈ ફરતા ઈસમની એસઓજી ટીમ દ્વારા અટકાયત

અમરેલી, તા. ૧૪

અમરેલી એસ.ઓ.જી. પોલીસ ટીમ અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના નાગેશ્રી ગામ નજીક પેટ્રોલિંગ કરી રહી હતી. ત્યારે નાગેશ્રી ગામ નજીક ખાંભા તરફ જવાના રસ્તા ઉપર આવેલ એક પુલ ઉપર અમરેલીના સાવરકુંડલા રોડ ઉપર આવેલ લીલાનગરમાં રહેતાં સાજીદભાઈ રજાકભાઈ ભટ્ટી નામનાં

અનુસંધાન પાના ૬ ઉપર




અપોલો હોસ્પિટલ્સ-અમદાવાદના સુપર સ્પેશ્યાલીસ્ટ દ્વારા ઓપીડી
અમરેલી માં...
Apollo HOSPITALS

દર મહિનાના પહેલા બુધવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી
ડો. જતીન વખારિયા
કન્સલ્ટન્ટ ઓર્થોપેડિક્સ અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન
MBBS, DNB (Orthopedics), D'Ortho, FIAS

દર મહિનાના બીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી
ડો. પાર્થ જોષી
MBBS, Dr NB ન્યુરોસર્જરી, એન્ડોવાસ્ક્યુલર અને વાસ્ક્યુલર ન્યુરોસર્જરીમાં ફેલોશિપ (મણિપાલ, બેંગ્લોર)
મિનિમલી ઇન્વેસિવ અને એન્ડોસ્કોપિક સ્પાઇન સર્જન

દર મહિનાના ત્રીજા બુધવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી
હેમેટો-ઓન્કોલોજી અને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ નિષ્ણાંત લેફ્ટનન્ટ જનરલ (ડૉ.) વેલુ નાયરની ટીમમાંથી
ડો. સંદીપ ખેની
હેમેટો-ઓન્કોલોજી અને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ નિષ્ણાંત

દર મહિનાના ત્રીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી
ડો. શ્રેયા બુટાલા
MD, DM Gastro (SGPGIMS), Consultant Gastroenterologist and Hepatologist

આસ્થા હોસ્પિટલ
લિલિયા રોડ, બી.એમ. ચોક, અમરેલી, ગુજરાત-૩૬૫ ૬૦૧
સંપર્ક : ૮૨૩૮૯૮૪૦૦૦ | ૭૬૯૮૮૧૫૩૧૫

રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો :
+91 8238984000 & 7698815315
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.

અપોલો હોસ્પિટલ, અમદાવાદ
પ્લોટ નં. ૧-એ, ભાટ, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, એરપોર્ટ રોડ, અમદાવાદ - ગાંધીનગર. 8401801066









## ૪૨ વર્ષ પહેલા નાની એવી જગ્યામાં શરૂ થયેલ મંડળી સર્વોચ્ચ સ્થાને પહોંચી

# મંડળી નં. ૧ : બગસરા શરાફી મંડળીએ પૂનઃ ઐતિહાસિક નફો કર્યો

**વર્ષ ૨૦૨૫/૨૬માં રૂપિયા ૭.૭૨ કરોડનો નફો કરી સમગ્ર રાજયની મંડળીને પાછળ છોડી દીધી**

**બગસરા શરાફી મંડળી એટલે કોર્પોરેટ ખાનગી બેન્કોને પણ ટક્કર આપે તેવું ઉમદા મેનેજમેન્ટ**

**બગસરા, ધારી, ચલાલા, લીલીયામાં સેઈફ ડીપોઝીટ વોલ્ટની સુવિધા અને માલિકીનાં બિલ્ડીંગ**

**મંડળીનાં ચેરમેન રશ્વિન ડોડીઆ, એમ.ડી. નિતેષ ડોડીઆ સહિતનાં મેનેજમેન્ટની શ્રેષ્ઠ કામગીરી**






અમરેલી, તા. ૧૪

બગસરા નાગરિક શરાફી મંડળી લી. એટલે હજારો થાપણદારો અને લાખોની સંખ્યામાં રહેલ લોનધારકોનું વિશ્વાસપાત્ર સ્થળ અને એટલે જ આ મંડળીએ ઐતિહાસિક નફો કરીને સમગ્ર રાજયની તમામ મંડળીને પાછળ છોડી દીધી છે.

જુના જનસંઘી અને બગસરાનાં વતની રશ્વિનભાઈ ડોડીઆએ આજથી ૪૨ વર્ષ પહેલા એટલે કે વર્ષ ૧૯૮૪માં બગસરા ખાતે એક નાની એવી જગ્યામાં રાજકોટનાં દિગ્ગજ સહકારી અગ્રણી અરવિંદભાઈ મણીયારની પ્રેરણા અને આશીર્વાદથી મંડળી શરૂ કરેલ. તે સમયે માત્ર ૨૩૬ સભાસદો અને રૂપિયા ૨.૩૬ લાખ શેર ભંડોળથી શરૂઆત થયા બાદ બેસ્ટ મેનેજમેન્ટ અને શેરધારકો, થાપણદારોનાં સાથ–સહકારથી મંડળી સતત પ્રગતીનાં શિખરો સર કરી રહી છે.

આજે બગસરા મંડળીની શાખા ધારી, ચલાલા, અમરેલી, લીલીયા અને જિલ્લા બહાર રાજકોટ, બાપુનગર, નિકોલ અને વડોદરા સુધી ખુલ્લી ગઈ છે અને દરેક મંડળીની કામગીરીથી સૌ કોઈ પ્રભાવિત થઈ રહ્યા છે.

વર્ષ ૨૦૨૫/૨૬માં સભાસદની સંખ્યાનો આંક ૨૪૫૩૯ સુધી પહોંચી ગયો છે. તો અનામત ભંડોળ તથા અન્ય ફંડ ૩૩૭૦૪૧૨૧૩.૯૦ અને થાપણો ૧૨૦૧૯૧૫૭૬૮ રૂપિયા સુધી પહોંચી છે અને ધિરાણનો આંક ૧૬૦૦૮૯૧૭૯૨ રૂપિયા સુધી પહોંચી ગયેલ છે. મંડળીનું રોકાણ ૫૨૦૭૭૮૬૩ રૂપિયા અને ટર્નઓવર ૭૨૦ કરોડ અને વર્ષ ૨૦૨૫/૨૬નો નફો ૭ કરોડ ૭૨ લાખને વટાવી ચુકયો છે અને આટલી અધધ રકમનો નફો કરનાર બગસરા મંડળી રાજયની નંબર વન મંડળી બની છે. જો કે ગત વર્ષે પણ મંડળીએ સમગ્ર રાજયમાં નંબર વન સ્થાન પ્રાપ્ત કરેલ છે.

શ્રી બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી લી.નાં સ્થાપક ચેરમેન રશ્વિનભાઈ ડોડીઆ, જનરલ એમ.ડી. નિતેષભાઈ ડોડીઆ, ડાયરેકટર કંચનબેન રાદડીયા, શરદ લાખાણી, જનરલ સેક્રેટરી દિનેશચંદ્ર મહેતા, ફિલ્ડ ઓફિસર જયદિપ નાકરાણી તેમજ એમ.ડી. શ્રી મહેશભાઈ વ્યાસ, કેતનભાઈ ધકાણ, જયોતિકાબેન રાવલ, તનસુખભાઈ ઠાકર, પરિનભાઈ રાજપુરા, અરવિંદભાઈ નાગ્રેચા, સુરેશભાઈ તોમર, વિનુભાઈ રાદડીયા અને મનોજભાઈ બોરડી સહિતની ટીમની કાર્યદક્ષતાથી બગસરા શરાફી મંડળી આજે કોર્પોરેટ બેન્કને પણ ટકકર આપી રહી છે.

## રાજકારણનું રમખાણ હવે પરિવારો સુધી પહોંચ્યું

# અમરેલીમાં પાલિકાની ચૂંટણીમાં વધુ એક વોર્ડમાં કૌટુંબિક દેરાણી–જેઠાણી વચ્ચે મુકાબલો

**એક કોંગ્રેસ અને બીજા ભાજપમાંથી મેદાનમાં**




અમરેલી, તા. ૧૪

અમરેલી નગરપાલિકાની ચુંટણી અમરેલી વોર્ડ નં. ૧૦ વિશેષ ચર્ચાનો વિષય બન્યો છે. આ વોર્ડમાં ભાજપ તરફથી હેતલબેન અનિભાઈ વાઢેર ઉમેદવારી નોંધાવી છે, જયારે કોંગ્રેસ તરફથી છાયાબેન રૂપેશભાઈ વાઢેર મેદાનમાં ઉતર્યા છે. વોર્ડ નં.૯માં પણ આ જ પ્રકારની પરિસ્થિતિ સર્જાયેલ છે. ત્યાં પણ દેરાણી જેઠાણી સામસામે ચૂંટણીનો મોરચો ખોલ્યો છે. જયારે વોર્ડ નં. ૧૧માં દિયર આમ આદમી પાર્ટી તથા ભાભી ભાજપમાંથી ચૂંટણી લડતા હોય દિયર ભાભી વચ્ચે ચૂંટણી જંગ ખેલાય રહયો છે.

અમરેલી નગરપાલિકાની ચુંટણી અમરેલી વોર્ડ નં. ૧૦માં વિશેષ બાબત એ છે કે ભાજપના ઉમેદવાર હેતલબેન અનિભાઈ વાઢેર તથા કોંગ્રેસના છાયાબેન રૂપેશભાઈ વાઢેર ઉમેદવાર છે. આમ બંને મહિલા ઉમેદવારો એક જ પરિવારના સભ્ય છે. અને કૌટુંબિક રીતે દેરાણી–જેઠાણીનો સંબંધ ધરાવે છે.

પરિણામે અમરેલી પાલિકાની આ ચૂંટણી માત્ર રાજકીય જંગ નહીં પરંતુ પરિવારિક પ્રતિષ્ઠાનો મુદ્દો પણ બની ગયો છે. સ્થાનિક લોકોમાં આવા મુકાબલો લઈને ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે. ત્રણેય પક્ષનાં ઉમેદવારો પોતપોતાના પક્ષના સમર્થન સાથે પ્રચાર કામગીરીમાં વ્યસ્ત છે. અને મતદારોને આકર્ષવા માટે જોરશોરથી પ્રયાસ કરી રહ્યા છે.

આ ચૂંટણીમાં કોણ જીતે છે તે તો પરિણામ બાદ જ સ્પષ્ટ થશે, પરંતુ હાલ માટે વોર્ડ નં. ૯, ૧૦, ૧૧માં દેરાણી–જેઠાણી અને દિયર ભોજાઈ વચ્ચેની ટક્કર અમરેલી જિલ્લાનાં રાજકારણમાં ચર્ચાનો કેન્દ્ર બની છે.

## ભજન, ભોજન અને ભક્તિનો ત્રિવેણી સંગમ રચાયો

# વડિયા : મોટી હવેલી ખાતે શ્રી મહાપ્રભુજીનાં પ્રાગટય દિવસની ભવ્ય ઉજવણી કરાઈ

**વર્ણાગી, નંદ મહોત્સવ સહિતનાં કાર્યક્રમો યોજાયા**



વડિયા, તા. ૧૪

સમગ્ર દેશમાં વૈષ્ણવ સંપ્રદાય દ્વારા મહાપ્રભુજીનાં પ્રાગટય દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવે છે. હિન્દૂ ધર્મ મુજબ ચૈત્ર વદ અગિયારસ એટલે શ્રી મહાપ્રભુજીનો પ્રાગટય દિવસ આ દિવસે વડિયાનાં કૃષ્ણપરા સ્થિત આવેલી મોટી હવેલી ખાતે શ્રી મહા પ્રભુજીનાં પ્રાગટય દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમા હવેલી ગ્રાઉન્ડ ખાતે બપોરે ચાર વાગ્યાંથી વર્ણાગી, નંદ મહોત્સવ, રાસ કીર્તન અને મહાપ્રસાદનુ આયોજન કરી ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી માં વડિયા વિસ્તારનાં વૈષ્ણવ સંપ્રદાયનાં ભક્તજનો મોટી સંખ્યામાં જોડાયા હતા અને ભજન, ભોજન અને ભક્તિનો ત્રિવેણી સંગમ રચાતો જોવા મળ્યો હતો.

# લીલીયામાં ભાજપનો ઉર્જાસભર સંવાદ ઉમેદવારોને ચૂંટણી માટે માર્ગદર્શન અપાયું



લીલીયા, તા.૧૪

લીલીયા ખાતે જિલ્લા તથા તાલુકા પંચાયત ચૂંટણીને અનુલક્ષીને ભાજપ દ્વારા ઉર્જાસભર સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાંસદ ભરત સુતરિયા, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ તેમજ ધારાસભ્ય મહેશ કસવાળા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન ભાજપના ઉમેદવારો સાથે સીધી મુલાકાત કરી તેમને ચૂંટણીને લઈને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.આગેવાનો દ્વારા સંગઠન શક્તિ મજબૂત બનાવવા, કાર્યપદ્ધતિ સુવ્યવસ્થિત રાખવા અને જનતા સાથે સતત લોકસંપર્ક જાળવવા ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો.

આ ઉપરાંત સંવાદ દરમિયાન ચૂંટણીની વ્યૂહરચના, બૂથ મેનેજમેન્ટ અને અસરકારક પ્રચાર અંગે પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આગેવાનો દ્વારા જણાવ્યું હતું કે સુચારૂ આયોજન અને ટીમ વર્ક દ્વારા જ સફળતા પ્રાપ્ત થઈ શકે છે. ઉમેદવારોમાં આ સંવાદથી નવી ઉર્જા અનેઆત્મવિશ્વાસ જોવા મળ્યો હતો. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં કાર્યકરો અને આગેવાનો હાજર રહ્યા હતા, જેના કારણે સમગ્ર વાતાવરણ ઉત્સાહભર્યું બની ગયું હતું.

# અમરેલી : શ્રીજી વિદ્યાર્થી ભુવન ખાતે ડો. બાબાસાહેબની જન્મજયંતી ઉજવાઈ




અમરેલી, તા. ૧૪

શિક્ષણ, સંસ્કાર અને રાષ્ટ્રિયતા માટે સુપ્રસિધ્ધ એવા શ્રીજી વિદ્યાર્થી ભુવન ખાતે ૧૪ એપ્રિલના રોજ ડો. ભીમરાવ આંબેડકરની ૧૩૫મી જન્મ જયંતી પ્રસંગે શાળામાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા બાબા સાહેબ આંબેડકરજીને પુષ્પાજંલિ અર્પણ કરવામાં આવી.

સાંપ્રત સમયમાં સામાજિક સમરતાની ખૂબ જ જરૂર હોય – સમાજનાં ઉપેક્ષિત વર્ગ માટે કરેલું કામ છેવટે તો સમગ્ર સમાજને તંદુરસ્ત બનાવે છે. આ અંગેના જુદા જુદા પ્રસંગો અને બાબા સાહેબ આંબેડકરનું બંધારણ ઘડતરમાં પ્રદાન વગેરે વિષયો અંગે RSS ગુજરાતનાં વરિષ્ઠ પ્રચારક હરિશદાદા રાવલએ પ્રાર્થના સભામાં ખૂબ સુંદર પ્રેરણાત્મક પ્રસંગો દ્વારા વિદ્યાર્થીનીઓને ડો. આંબેડકરજીના જીવન વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. પ્રસંગે સંસ્થાના સંચાલક દિપકભાઈ વઘાસીયા તથા વિલાસબેન વઘાસીયાએ પ્રેરક હાજરી આપી હતી. સમગ્ર સ્ટાફે કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

# ૧૫ એપ્રિલ એટલે ''વર્લ્ડ આર્ટ ડે'' (વિ કલા દિવસ)




અમરેલી, તા. ૧૪

કલાને પ્રોત્સાહન આપવા માટે વિભરમાં દર વર્ષે ૧૫મી એપ્રિલે વિ કલા દિવસની ઉજવણી કરવામાં આવે છે. વિ કલા દિવસના વિશેષ અવસરે કલામાં રસ ધરાવતા લોકો તેમની કલાનું પ્રદર્શન કરે છે. કલાને પ્રોત્સાહન આપવા માટે વિભરમાં દર વર્ષે ૧૫મી એપ્રિલે વિ કલા દિવસની ઉજવણી કરવામાં આવે છે. વિ કલા દિવસના વિશેષ અવસરે કલામાં રસ ધરાવતા લોકો તેમની કલાનું પ્રદર્શન કરે છે. ૧૫ એપ્રિલ ૨૦૧૨ના રોજ પ્રથમ વખત વર્લ્ડ આર્ટ ડે એટલે કે વિ કલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

લિયોનાર્ડો દ વિન્સી એક મહાન ઈટાલિયન ચિત્રકાર, શિલ્પકાર, આર્કિટેક્ટ, સંગીતકાર, કુશળ મિકેનિક, એન્જિનિયર અને વૈજ્ઞાનિક હતા. તેમણે કળામાં શ્રેષ્ઠતા હાંસલ કરી હતી. તેમને સમગ્ર વિમાં સન્માન મળ્યું અને તેમની જન્મજયંતી પર વિ કલા દિવસની ઉજવણી કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૭માં World art dayને અમેરિકામાં ઈન્ટરનેશનલ એસોસિએશન ઓફ આર્ટ દ્વારા માન્યતા આપવામાં આવી હતી. યુનાઈટેડ નેશન્સ એજયુકેશનલ સાયન્ટિફિક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન (યુનેસ્કો) અનુસાર, વિ કલા દિવસનો ઉદ્દેશ્ય કલાના ક્ષેત્રમાં લોકોની રૂચિ વધારવાનો છે.

**– મિત્તલ ખેતાણી**
**(રાજકોટ મો.૯૮૨૪૨૨૧૯૯૯)**

## શ્વાન હવે માથાકુટનુ પણ કારણ બની રહ્યા છે

# રાજુલામાં પાળેલ શ્વાન બાઈક પાછળ દોડતાં ઠપકો અપાતા બઘડાટી બોલી

**પોલીસે બંને પક્ષોની ફરિયાદ નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૧૪

રાજુલા ગામે વાલ્મીકી વાસની સામે રોડ ઉપર શ્વાન મોટર સાઈકલની પાછળ દોડતા તેમણે મોટર સાઈકલ ચાલકે ઉભી રાખી આ બાબતે શ્વાન લઈને ઊભેલાં આરોપીને ઠપકો આપતા સામસામી મારી થતાં પોલીસે બનાવ અંગે બંને પક્ષોની ફરિયાદ નોંધી આગળની તપાસ હાથ ધરેલ છે.


રાજુલા તાલુકાના વડલી ગામે રહેતાં બાબુભાઈ લાખાભાઈ ધાખડા નામનાં ૩૨ વર્ષીય યુવક ગત તા.૧૨ના રાત્રીના આશરે ૧૧/૪૫ વાગ્યે પોતાના હવાલાવાળા મોટર સાયકલ નં–જીજે–૦૧– એમ.કે. –૫૮૦૨ લઈને રાજુલાથી ડુંગર રોડ ઉપર જતા હોય અને વાલ્મીકી વાસની સામે રોડ ઉપર પહોચતા ત્યા રહેતાં આરોપી જયસુખભાઈ ચૌહાણ તેનો શ્વાન લઈને ત્યાં ઉભેલ હતા. અને તેમનો શ્વાન યુવકના મોટર સાઈકલની પાછળ દોડતા તેમણે મોટર સાઈકલ ઉભી રાખી આ બાબતે આરોપીને ઠપકો આપતા તેમને સારૂ નહી લાગતા યુવક તથા તથા મુકેશભાઈને ગાળો આપી હતી. તે અરસામાં આરોપી શંકરભાઈ ચૌહાણ તથા વિપુલભાઈ ચૌહાણ પણ ત્યાં આવી ત્યા યુવક સહિતનાંઓને તથા તેમના મોટર સાઈકલ ઉપર છુટા પથ્થરોના ઘા કરી ઈજાઓ કરી તથા આરોપીએ ગટર સાફ કરવાના પાવડા વડે યુવકને કપાળ ઉપર તથા માથા ઉપર એક એક ઘા મારી ગંભીર ઈજા કરી મોટર સાયકલમાં નુકશાન કરતા ૨ મહિલા સહિત ૬ સામે પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

તોએ આ જ બનાવમાં ગૌરીબેન હંસરાજભાઈ ચૌહાણના ભત્રીજા જયસુખભાઈ તેમનો શ્વાન લઈને રોડ ઉપર ઉભેલ હોય તે વખતે શંકરભાઈ ચૌહાણ તથા વિપુલભાઈ ચૌહાણ પણ ત્યા ઉભેલ હોય અને તેમની સાથે આરોપી સુરેશભાઈ લાખાભાઈ ધાખડા, બાબુભાઈ લાખાભાઈ ધાખડા તથા મુકેશભાઈ રામભાઈ રાઠોડ નામના ત્રણેય ઝઘડો કરતા હોય અને જયસુખભાઈનો શ્વાન આરોપીઓને ભસતા આરોપીઓએ ગાળો આપી શંકરભાઈને ઢીકાપાટુનો મુંઢ માર મારી તથા વિપુલભાઈને નીચે પછાડી દઈ માથાના ભાગે મુંઢ ઈજા કરતા શંકરભાઈ ચૌહાણ સહિતનાં દોડીને ત્યાથી જતા રહેતા ત્રણેય આરોપીઓ તેમની પાછળ આવી ગૌરીબેન ઘરનો દરવાજો ખખડાવી તેણીને ગાળો આપી અને આબરૂ લેવાના ઈરાદે હાથ પકડી ગુન્હાહીત બળ વાપરી તેણીને રોડ ઉપર ઢસડી અને હાથ ઉપર કાંડાથી નીચેના ભાગે છરી વડે ઉજરડો કરી તથા જયસુખભાઈ તેમની સાથે પણ ઝપાઝપી કરી ડાબા પગે નળાના ભાગે છરી મારી ઉજરડો કરી મારી નાખવાની ધમકી આપ્યાની ગૌરીબેન હંસરાજભાઈ ચૌહાણે સામી પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

## દર વર્ષની જેમ આ વર્ષે પણ

# અમરેલી ખાતે નેશનલ 'ફાયર સર્વિસ ડે'ની ઉજવણી કરવામાં આવી

**શહીદોને શ્રદ્ધાંજલિ આપતાં ફાયર વિભાગનાં કર્મીઓ**



અમરેલી, તા. ૧૪

અમરેલી શહેરમાં આજે દર વર્ષની જેમ આ વર્ષે પણ ફાયર વિભાગ દ્વારા નેશનલ ફાયર સર્વિસ ડે નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજી શહીદ ફાયર કર્મીઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

૧૪ એપ્રિલના રોજ અમરેલી શહેરમાં ફાયર વિભાગ દ્વારા નેશનલ ફાયર સર્વિસ ડેની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી કરવાં પાછળનો ઈતિહાસ એવો છે કે, ૧૯૪૪માં મુંબઈના ડોકયાર્ડ ખાતે જહાજમાં થયેલા ભયંકર વિસ્ફોટમાં ફાયર વિભાગના ૬૬ બહાદુર કર્મીઓ શહીદ થયા હતા, તેમની યાદમાં દર વર્ષે ૧૪ એપ્રિલે આ દિવસ ઉજવવામાં આવે છે.

આજના આ અવસરે અમરેલી શહેરના હીરક બાગ વિસ્તારમાં આવેલ ફાયર સ્ટેશન ખાતે કાર્યક્રમ યોજાયો હતો, જેમાં અમરેલી નગરપાલિકાના ચીફ ઓફિસર ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન શહીદ ફાયર કર્મીઓને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

ફાયર અધિકારીએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે સામાન્ય રીતે લોકોને ફાયર ડે પાછળ નો ઈતિહાસ અને મહત્વ વિશે જાણકારી નથી હોતી. આ દિવસ ઉજવણી કરતાં વધુ એક દુઃખદ ઘટનાની યાદ અપાવે છે અને શહીદ થયેલા કર્મીઓની આત્માને શાંતિ મળે તે માટે શ્રદ્ધાંજલિ સ્વરૂપે મનાવવામાં આવે છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે ૧૪ થી ૨૦ એપ્રિલ સુધી ફાયર વીક તરીકે ઉજવણી કરવામાં આવશે. આ દરમિયાન સમગ્ર અમરેલી જિલ્લામાં આગથી બચાવ અને સુરક્ષા અંગે જનજાગૃતિ ફેલાવવા માટે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે.

સરકાર દ્વારા આ વર્ષ માટે ઘ'Safe School, Safe Hospital and Fire Safety Aware Society - Together for Fire'' થીમ આપવામાં આવી છે. આ થીમના આધારે શાળાઓ, હોસ્પિટલો અને જાહેર સ્થળોએ ફાયર સેફટી અંગે માર્ગદર્શન આપવામાં આવશે તેમજ લોકોમાં જાગૃતિ લાવવા પ્રયાસ કરવામાં આવશે.

ફાયર વિભાગ દ્વારા આયોજિત આ કાર્યક્રમોનો મુખ્ય હેતુ લોકોમાં આગથી બચાવ અંગે જાગૃતિ ફેલાવવાનો અને અકસ્માત સમયે યોગ્ય પગલાં લેવાની સમજ આપવાનો છે.

## બાળકોને તેડીને કતારમાં ઉભી છે એ લાચાર મા, સરકારી વાતો ને સત્ય વચ્ચે કેવો મોટો તફાવત જણાય છે

# સાવરકુંડલામાં ગેસ સિલિન્ડર માટે લાઈન બંધ થતી નથી

| | | | |
|---|---|---|---|
| એક તરફ પુરવઠા વિભાગ કહે છે કે ગેસ સિલિન્ડરની અછત નથી અને બીજી તરફ વાસ્તવિકતા સામે છે | એરો ગેસ એજન્સીનાં સંચાલકોને તેમના ગ્રાહકોની કોઈ ચિંતા ન હોય તેવું સ્પષ્ટ જોવા મળી રહ્યું છે | નાના બાળકોને સાથે રાખીને ગ્રાહકો ભર ઉનાળે લાઈનમાં ઉભા રહેવા મજબુર બન્યા | પુરવઠા વિભાગે અમરેલીની ગેસ એજન્સીને યુધ્ધનાં ધોરણે સિલિન્ડરની જવાબદારી સોંપવી જરૂરી બની |



સાવરકુંડલા, તા. ૧૪

દેશમાં ગેસ સિલિન્ડરની કોઈ અછત નથી તેવી સરકારની જાહેરાતો વચ્ચે સાવરકુંડલામાં વાસ્તવિકતા કંઈક અલગ જ જોવા મળી રહી છે. શહેરની એરો ગેસ એજન્સી ખાતે ગેસ રિફિલ માટે ગ્રાહકોની કીડિયારૂં ઉભરાય તેમ લાંબી લાઈનો લાગી રહી છે. સ્થિતિ એટલી ગંભીર છે કે લોકો નાના બાળકોને સાથે રાખીને ગ્રાહકો કલાકો સુધી લાઈનમાં ઊભા રહેવા મજબૂર બન્યા છે.

આ કપરી પરિસ્થિતિની જાણ થતા જ સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાળાએ સ્થળ મુલાકાત લીધી હતી. પ્રત્યક્ષ પરિસ્થિતિ જોઈને તેમણે ભારે નારાજગી વ્યકત કરી હતી અને એજન્સીને કાયદેસરની ચીમકી આપતા જણાવ્યું હતું કે, 'જો એક અઠવાડિયામાં આ હાલાકી દૂર કરવામાં નહીં આવે, તો આ મામલે કલેકટર સુધી રજૂઆત કરવામાં આવશે અને કડક કાર્યવાહીની માંગ કરાશે.'

સાથે જ ગ્રાહક સુરક્ષા મંડળ—સાવરકુંડલા પણ હરકતમાં આવ્યું છે. મંડળના સભ્યોએ મામલતદારને રૂબરૂ મળીને આ સમસ્યા અંગેનો સવિસ્તર અહેવાલ સોંપ્યો છે. આજે બપોરે કાળઝાળ ગરમીમાં સાવરકુંડલા નગરપાલિકા પૂર્વ સદસ્ય જીગ્નેશભાઈ ભરાડ, અશોકભાઈ ખુમાણ તથા હરિભાઈ ટાંકે તો લાઈનમાં ઉભેલા ગેસ ધારક ગ્રાહકોને ઠંડા શરબત પીવડાવી તેમની તૃષા શાંત કરી હતી. ગરમીના પ્રકોપને કારણે તરસ પણ વધુ લાગે એ સ્વાભાવિક છે. અખબારી અહેવાલો અને તંત્રના દબાણ બાદ હવે જોવાનું એ રહે છે કે એજન્સી સંચાલકો કેવું વલણ અપનાવે છે અને સામાન્ય જનતાને કતારોમાંથી કયારે મુકિત મળે છે.??

### ટેલીફોન એકસચેન્જ સામે

## અમરેલીમાં આવતીકાલે મોંઘવારી ભથ્થાની માંગ સાથે પેન્શનર દેખાવો કરશે

### જિલ્લાભરમાંથી બીએસએનએલ અને ડી.ઓ.ટી. પેન્શનર જોડાશે

અમરેલી, તા. ૧૪

ઓલ ઈન્ડિયા બી.એસ.એન.એલ. ડોટ પેન્શન્રસ એસોસીએશન સેન્ટ્રલ હેડ કવાર્ટરનાં આદેશ મુજબ તેમજ સર્કલ સેક્રેટરીની સુચના મુજબ મોંઘવારી ભથ્થાનાં વધારા માટે તા. ૧૬/૪/૨૬નાં રોજ અમરેલી જિલ્લાનાં ટેલિકોમ વિભાગનાં પેન્શરો અમરેલી ટેલિફોન એકસચેન્જ સામે સવારે ૧૧:૦૦ કલાકે પોતાની આ માંગણી માટે સુત્રોચ્ચાર કરી દેખાવો કરવાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. જેમાં અમરેલી જિલ્લાભરમાંથી બી.એન.એસ.એલ. અને ડી.ઓ.ટી. પેન્શનરો ભેગા મળી વિરોધ નોંધાવશે. કે.ડી. રાઠોડ પ્રમુખ તેમજ એસ.એમ. ધાનાણી ખજાનચી વગેરે આ કાર્યક્રમને સફળ બનાવવા મહેનત કરી રહ્યા છે તેમજ જી.એસ. બુખારી સમગ્ર સ્ટાફ મહેનત કરી રહ્યા છે.


આપના શેરને લગતી મુંજવણોનું સચોટ સોલ્યુશન
IEPF માં ગયેલા શેર હવે પાછા મેળવો !
IEPF માં ટ્રાન્સફર થયેલા તમારા શેર ખાતરીપૂર્વક પરત મેળવી આપીએ છીએ
■ જુના શેર સર્ટિફિકેટનું ટ્રાન્સફર ■ બાકી રહેલા ડિવિડન્ટ મેળવવાની સેવા ■ શેર વારસાઇ (Transmission) પ્રક્રિયા પૂર્ણ ■ તમામ પ્રકારની શેર સંબંધિત માર્ગદર્શન ■ મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ માટે આજે જ સંપર્ક કરો ■ યોગ્ય માર્ગદર્શન સાથે સુરક્ષિત રોકાણ માટે રૂબરૂ મળો
SHYAM WEALTH CREATION
16-17, સિનિયા રોડ, ડાયમંડ માર્કેટ સામે, અમરેલી વર્ષિલ સાવલિયા 99255 40007 - 99047 42662

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB, 80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા
Mo. 93770 03636

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.94268 31241

શું તમે હરસ,મસા, ભગંદર અને ફિશર જેવી મળમાર્ગની બિમારીથી પીડાવ છો..?
શરમ સંકોચ છોડો,સહન ન કરો,સારવાર કરાવો
આ ગંભીર બિમારીઓમાંથી છુટકારો મેળવવા આજે જ સંપર્ક કરો
ડો. કાજલ બગડા
BAMS,MS.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોકટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
● હરસ, મસા, ફિશર અને જટિલ ભગંદરની સારવાર
● જટીલ ભગંદરની અત્યંત પ્રચલિત ક્ષારસૂત્રથી સારવાર
● રીંગ Rubber Band Ligation થી મસા ના ઓપરેશન
● ઈન્જેકશનથી Sclero therapy મસાની સારવાર
● નાસુર Pilo nidal sinus ની સારવાર
● ચામડીના મસા, ચરબીની ગાંઠ, ગુમડુ, કપાસી
● પાચનતંત્રના જુના હઠીલા રોગોની સારવાર
● મૂત્રમાર્ગ તથા પિતાશયની પથરીની આયુર્વેદિક સારવાર
7 વર્ષનો અનુભવ 20000+ દર્દીઓની તપાસ 3500+ ઓપરેશન
અમરેલીના સૌ પ્રથમ મહિલા પ્રોકટોલોજીસ્ટ
Shreeji HOSPITAL
સ્થળ : ડો.રાણવાસર હોસ્પિટલ,ભીડભંજન મંદિરની પાસે, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com

શું તમને સાંભળવાની તકલીફ છે ?
☛ નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
☛ બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
☛ વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
☛ જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
☛ પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

WALK IN INTERVIEW
ઈલેકટ્રીશીયન - વાયરમેન - સીસીટીવી માટે સ્ટાફ જોઈએ છે
(કામની જવાબદારી)
ઈલેકટ્રીકલ વાયરીંગ
ફાયબર સ્પ્લાઈસીંગ - O.N.U. કન્ફીગરેશન
CCTV ઈન્સ્ટોલેશન & મેઈન્ટેનન્સ
P.A. સીસ્ટમ ઈન્સ્ટોલેશન (માઈક)
પ્રોજેક્ટર ઈન્સ્ટોલેશન
સર્વેલન્સ સીસ્ટમ ઈન્સ્ટોલેશન & મેઈન્ટેનન્સ
સર્વેલન્સ સીસ્ટમ ઈન્સ્ટોલેશન & મેઈન્ટેનન્સ
ઈલેકટ્રીકલ ડેકોરેશન વર્ક
O.T.D.R. રીપોર્ટીંગ
દરેક પ્રકારના સેન્સર ઈન્સ્ટોલેશન & મેઈન્ટેનન્સ
SALARY : Starting Rs. 35/Hour (For Freshar) + EPFO
TIME : MONDAY to SATURDAY - 8:45 AM to 1:45 PM - 2:45 PM to 7:45 PM
MAHAJAN TELNET LLP.
E-mail : info@mahajantelnet.com
Web : www.mahajantelnet.com
95 86 86 86 49
















### જૂની પરંપરાઓ કે વિધિઓમાં કોઇ ફેરફાર કરવા માંગતા નથી

# વૃંદાવનના બાંકે બિહારી મંદિરમાં હાલની વ્યવસ્થામાં કોઇ ફેરફાર નહીં: સુપ્રીમ કાર્ટ

## મંદિરના મેનેજમેન્ટ અને પૂજારીઓએ સુપ્રીમ કોર્ટે નિમેલી કમિટીના ધાર્મિક વિધિને લગતાં વિવાદાસ્પદ નિર્ણયને પડકાર્યો હતો

નવી દિલ્હી, તા.૧૪

વૃંદાવનના પ્રસિદ્ધ બાંકે બિહારી મંદિરમાં હાલ જે કાંઈ ધાર્મિક વિધિઓ ચાલી રહી છે તેને સુસંગત હોય એવા માળખામાં હાલ તે કોઈ ફેરફાર કરાશે નહીં તેવી સ્પષ્ટતા સુપ્રીમ કોર્ટે કરી છે. ચીફ જસ્ટિસ સૂર્યકાંત અને ન્યાયમૂર્તિ શ્રી જોયમલ્લા બાગ્ચીની બેંચે કોર્ટના સીનિયર એડવોકેટ શ્યામ દિવાન અને વકીલ તન્વી દુબે દ્વારા કરાયેલી લેખિત રજૂઆતની નોંધ લીધી હતી અને આદેશ કર્યો હતો કે તાજેતરમાં ફાઈલ કરાયેલા સ્ટેટસ રિપોર્ટનો પ્રતિભાવ આપવા માટે પક્ષકારોને મંજૂરી આપવા બે સપ્તાહ બાદ આ કેસને બોર્ડ ઉપર નોંધવામાં આવશે.ઠાકુર શ્રી બાંકેબિહારીજી મહારાજના મંદિરની મેનેજમેન્ટ કમિટિ અને મંદિરના પૂજારીઓ દ્વારા કરાયેલી અરજીની કોર્ટ દ્વારા સુનાવણી હાથ ધરાઈ હતી. સુપ્રીમ કોર્ટ દ્વારા એક ઉચ્ચ સત્તાધારી કમિટિની નિયુક્તિ કરાઈ હતી અને આ કમિટીએ મંદિરની સદીઓથી ચાલી આવતી ધાર્મિક વિધિઓ અંગે વિવાદાસ્પદ નિર્ણય લીધો હતો. જે મંદિરના પૂજારીઓ અને મેનેજમેન્ટ કમિટીને માન્ય નહોતા જેના કારણે તેઓ અરજદાર બનીને આ કમિટીના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો.આ અગાઉ સુપ્રીમ કોર્ટે ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા જારી કરાયેલાં બાંકેબિહારીજી ટેમ્પલ ટ્રસ્ટ વટહુકમની કેટલીક જોગવાઈઓના અમલ સામે સ્ટે ઓર્ડર મૂક્યો હતો અને અલ્હાબાદ હાઈકોર્ટના નિવૃત્ત જજ અશોક કુમારના અધ્યક્ષપદે ૧૨ સભ્યોની ક ઉચ્ચસત્તાધારી કમિટિની નિમણૂંક કરી હતી અને તેને બાંકે બિહારીજીના મંદિરના રોજ-બરોજના કામકાજ અને વહીવટ ઉપર દેખરેખ રાખવાની ફરજ સોંપી હતી.દિવાને કોર્ટને કહ્યું હતું કે તેમને રવિવારે સાંજે સ્ટેટસ રિપોર્ટ સોંપવામાં આવ્યો હોઈ આ રિપોર્ટનો જવાબ આપવા માટે તેમને બે સપ્તાહનો સમય અપાવો જોઈએ. તેમની દલીલના જવાબમાં ચીફ જસ્ટિસ સૂર્યકાંતે કહ્યું હતું કે અમે મંદિરની હાલની સદીઓ જૂની પરંપરાઓ કે વિધિઓમાં કોઈ ફેરફાર કરવા માંગતા નથી. કોર્ટે આ મુજબની સ્પષ્ટતા કર્યા બાદ સુનાવણી મોકૂફ રાખી હતી.

### દિલ્હીથી દેહરાદૂન એક્સપ્રેસ હાઇવે

# PM મોદીએ એશિયાના સૌથી લાંબા વાઈલ્ડલાઈફ કોરિડોરનું કર્યું લોકાર્પણ

## ૧૨,૦૦૦ કરોડના ખર્ચે બનેલો આ છ-લેનનો એક્સપ્રેસ-વે દિલ્હી, ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડને એકબીજાની વધુ નજીક લાવશે

નવી દિલ્હી,તા.૧૪

ઉત્તર ભારતની કનેક્ટિવિટીમાં એક નવો અધ્યાય જોડાવા જઈ રહ્યો છે. PM નરેન્દ્ર મોદી મંગળવારે ૨૧૩ કિલોમીટર લાંબા દિલ્હી-દેહરાદૂન આર્થિક કોરિડોરનું ઉદ્ઘાટન કરશે. ૧૨,૦૦૦ કરોડના ખર્ચે બનેલો આ છ-લેનનો એક્સપ્રેસ-વે દિલ્હી, ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડને એકબીજાની વધુ નજીક લાવશે.ઉદ્ઘાટન પૂર્વે વડાપ્રધાન ધાર્મિક અને પર્યાવરણીય મુલાકાત પણ લેશે. વન્યજીવ કોરિડોર નિરીક્ષણ પણ તેઓ કરશે. વડાપ્રધાન સહારનપુર (UP) ખાતે એશિયાના સૌથી લાંબા વન્યજીવ એલિવેટેડ કોરિડોરની સમીક્ષા કરશે. સવારે ૧૧.૪૦ વાગ્યે દેહરાદૂન પાસે આવેલા પ્રસિદ્ધ જય મા દાત કાલી મંદિરમાં પૂજા-અર્ચના કરશે. બપોરે ૧૨.૩૦ વાગ્યે દેહરાદૂન ખાતે એક ભવ્ય સમારોહમાં એક્સપ્રેસ-વે દેશને સમર્પિત કરશે.આ પ્રોજેક્ટ માત્ર ગતિ જ નહીં, પરંતુ સુરક્ષા અને આધુનિક ટેકનોલોજીનો સમન્વય છે. દિલ્હીથી દેહરાદૂન પહોંચવામાં અત્યારે ૬ કલાક લાગે છે, જે ઘટીને હવે માત્ર ૨.૫ કલાક થઈ જશે. આ ઉપરાંત મુસાફરોની સુરક્ષા માટે આ કોરિડોરમાં અત્યાધુનિક ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ લગાવવામાં આવી છે. આ પ્રોજેક્ટમાં ૧૦ ઈન્ટરચેન્જ, ૩ રેલવે ઓવર બ્રિજ (ROB), ૪ મોટા પુલ અને ૧૨ વે-સાઈડ સુવિધાઓનો સમાવેશ થાય છે. આ કોરિડોરની સૌથી મોટી વિશેષતા તેની ઈકો-ફ્રેન્ડલી ડિઝાઈન છે. રાજાજી નેશનલ પાર્ક અને આસપાસની જૈવવિવિધતાને ધ્યાનમાં રાખીને ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. જેના કારણે તે એશિયાનો સૌથી લાંબો વાઈલ્ડલાઈફ કોરિડોર બને છે.

વન્યજીવોની અવરજવર માટે ૧૨ કિલોમીટર લાંબો એલિવેટેડ રોડ બનાવવામાં આવ્યો છે. હાથીઓ માટે ૨૦૦ મીટર લાંબા બે ખાસ અન્ડરપાસ અને અન્ય પ્રાણીઓ માટે ૮ રસ્તાઓ બનાવ્યા છે. દાત કાલી મંદિર પાસે ૩૭૦ મીટર લાંબી આધુનિક સુરંગનું નિર્માણ કરાયું છે જેથી પહાડી પર્યાવરણને નુકસાન ન થાય.આ એક્સપ્રેસ-વે શરૂ થવાથી હરિદ્વાર, ઋષિકેશ અને દેહરાદૂન જેવા પર્યટન સ્થળોએ પહોંચવું સરળ બનશે. તે માત્ર મુસાફરી જ નહીં, પણ સમગ્ર પ્રદેશમાં વેપાર અને વિકાસના નવા દ્વાર ખોલશે. પીએમઓના જણાવ્યા મુજબ, આ પ્રોજેક્ટ વડાપ્રધાનના નેક્સ્ટ જનરેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિઝનને પ્રતિબિંબિત કરે છે.

### ૭૦૦૦ કરોડનું ટર્નઓવર ઠપ્પ

# યુદ્ધની જ્વાળાઓમાં મોરબીનો સિરામિક ઉદ્યોગ હોમાયો

## યુદ્ધના કારણે નિકાસના માર્ગો પ્રભાવિત થતા ગત એક માસમાં કંડલા અને મુન્દ્રા પોર્ટ પરથી ૭૦૦થી વધુ કન્ટેનરો પરત ફર્યા

મોરબી, તા.૧૪

ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે વણસેલી યુદ્ધની સ્થિતિની સીધી અસર મોરબીના વિશ્વવિખ્યાત સિરામિક ઉદ્યોગ પર જોવા મળી રહી છે. છેલ્લા એક માસથી ઉત્પાદન એકમો પર તાળા લટકતા અંદાજે સાત હજાર કરોડ રૂપિયાનું ટર્નઓવર જામ થઈ ગયું છે. આ પ્રતિકૂળ સંજોગોને કારણે પ્રત્યેક કારખાનેદારના શિરે ૫૦ લાખથી ૧.૫૦ કરોડ રૂપિયા સુધીના નુકસાનનો પહાડ આવી પડ્યો છે. માત્ર સિરામિક જ નહીં, પરંતુ તેની સાથે જોડાયેલા પેપર મિલ ઉદ્યોગની હાલત પણ કફોડી બની છે અને તેના પર ૩૬ કરોડ રૂપિયાનું વધારાનું આર્થિક ભારણ આવ્યું છે.મોરબી સિરામિક એસોસિએશનના પ્રમુખ મનોજભાઈ એરવાડિયાએ મીડિયાને જણાવ્યું હતું કે, મોરબીમાં કાર્યરત ૬૫૦ જેટલા સિરામિક એકમો વાર્ષિક ૬૦ હજારથી ૭૦ હજાર કરોડ રૂપિયાનું ટર્નઓવર ધરાવે છે. જોકે, છેલ્લા એક મહિનાથી ગેસના પુરવઠામાં સર્જાયેલી અછતને પગલે ઉત્પાદન પ્રક્રિયા અટકાવી દેવી પડી છે, જેના પરિણામે અંદાજે સાત હજાર કરોડ રૂપિયાનું ટર્નઓવર અટકી ગયું છે. પ્રોપેન ગેસનો પુરવઠો ખોરવાતા અને નેચરલ ગેસની પૂરતી ઉપલબ્ધતા ન રહેતા સિરામિકના ભઠ્ઠા શાંત થઈ ગયા છે.યુદ્ધના કારણે નિકાસના માર્ગો પ્રભાવિત થતા ગત એક માસમાં કંડલા અને મુન્દ્રા પોર્ટ પરથી ૭૦૦થી વધુ કન્ટેનરો પરત ફર્યા છે. આ સિવાય આશરે ૭૦૦થી ૮૦૦ જેટલા કન્ટેનરો વિદેશી બંદરો પર અધ્ધરતાલ ફસાયેલા છે. આ વિલંબને કારણે ઉદ્યોગપતિઓએ કન્ટેનર દીઠ ૫૦ હજારથી ૧.૫૦ લાખ રૂપિયા સુધીનો વધારાનો આર્થિક બોજ સહન કરવો પડી રહ્યો છે. આટલી મોટી નુકસાનીની ભરપાઈ કરવી ઉદ્યોગકારો માટે અત્યારે મુશ્કેલ સાબિત થઈ રહી છે.બીજી તરફ પેપર મિલ એસોસિએશનના પ્રમુખ શૈલેષભાઈ પટેલે મીડિયાને જણાવ્યું હતું કે, મોરબીની પેપર મિલોમાં માસિક ૧.૫૬ લાખ ટન પેપર પ્રોડક્ટ્સનું ઉત્પાદન થાય છે. જોકે, છેલ્લા ૪૦ થી ૪૫ દિવસથી ચાલી રહેલા યુદ્ધને કારણે પ્રોડક્શન ક્ષમતામાં ૩૦ ટકાનો ઘટાડો નોંધાયો છે. હાલમાં મિલો માત્ર ૬૦થી ૭૦ ટકા ક્ષમતા પર જ કાર્યરત હોવાથી અંદાજે ૪૫ હજાર ટન જેટલું ઉત્પાદન ઘટ્યું છે.વેસ્ટ પેપરના ભાવમાં થયેલા તોતિંગ વધારાએ પેપર મિલ માલિકોની મુશ્કેલી વધારી છે.

યુદ્ધના કારણે આયાતી વેસ્ટ પેપરના ભાવમાં ટન દીઠ ૨૫ ડોલરનો ઉછાળો આવ્યો છે. આ ભાવવધારાને લીધે મોરબીના પેપર મિલ ઉદ્યોગકારો પર માસિક ૩૬ કરોડ રૂપિયાનું ભારણ વધ્યું છે. આગામી સમયમાં આ વધારાના ખર્ચની અસર તૈયાર માલના ભાવ પર પણ પડશે, જેના કારણે પેપર પ્રોડક્ટ્સ મોંઘી થવાની પૂરેપૂરી શક્યતા છે.

### ડિજિટલ એન્ટ્રી અને એક્ઝિટના નવા નિયમો

# યુરોપના ૨૯ દેશમાં પાસપોર્ટ સ્ટેમ્પનો અંત

## આંગળીના નિશાન અને પાસપોર્ટની માહિતી સ્કેન કરીને મૂકી દે છે આ સિસ્ટમ હેઠળ પાસપોર્ટ પર સ્ટેમ્પની જરૂર જ નહીં રહે

નવી દિલ્હી,તા.૧૪

યુરોપિયન યુનિયને વિઝાને લગતા નિયમોમાં મોટા પાયે ફેરફાર કર્યા છે. હવે યુરોપના દેશોમાં જતા પ્રવાસીઓએ EES સિસ્ટમ અનુસરવી પડશે, જેમાં પાસપોર્ટ પર સ્ટેમ્પ નહીં મારવામાં આવે, પરંતુ આંગળીના નિશાન અને ચહેરાનો ફોટો લેવામાં આવશે. આ નવી પદ્ધતિ ૧૦ એપ્રિલ, ૨૦૨૬થી ૨૯ દેશમાં સંપૂર્ણપણે અમલમાં આવી ગઈ છે.

EES એટલે એન્ટ્રી/એક્ઝિટ સિસ્ટમ. આ એક ડિજિટલ સિસ્ટમ છે, જે શેંગેન વિઝા પર આવતા-જતા યુરોપિયન યુનિયનના ન હોય તેવા મુસાફરોની નોંધ રાખે છે. તે તમારો ચહેરો, આંગળીના નિશાન અને પાસપોર્ટની માહિતી સ્કેન કરીને મૂકી દે છે. આ સિસ્ટમ હેઠળ પાસપોર્ટ પર સ્ટેમ્પની જરૂર જ નહીં રહે.આ નિયમો ટૂંકા ગાળા માટે (સામાન્ય રીતે ૯૦ દિવસથી ઓછો સમય) મુસાફરી કરતા બધા બિન યુરોપિયન નાગરિકો માટે છે. એટલે કે, ભારત અને અમેરિકા સહિત યુરોપિયન યુનિયનની બહારના લગભગ તમામ દેશના નાગરિકોને આ નિયમ લાગુ પડે છે. યુરોપિયન યુનિયનના નાગરિકો, ત્યાંના કાયમી રહેવાસીઓ અને લાંબા ગાળાના વિઝા ધારકોને તેમાંથી મુક્તિ મળે છે. આયર્લેન્ડ અને સાયપ્રસ પણ આ સિસ્ટમનો ભાગ નથી.આ ૨૯ દેશની મુલાકાત લેતી વખતે પ્રવાસીઓનો પાસપોર્ટ સ્કેન કરાશે, ડિજિટલ ફોટો લેવાશે અને બધી ૧૦ આંગળીના નિશાન પણ લેવાશે. ૧૨ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને આંગળીના નિશાન આપવાની જરૂર નથી, પરંતુ તેમનો ફોટો લેવાશે. જો કોઈ આ ડેટા આપવાનો ઈનકાર કરે, તો તેને યુરોપમાં પ્રવેશ નહીં મળે. પ્રવાસીઓની આ બાયોમેટ્રિક માહિતી સિસ્ટમમાં ૩ વર્ષ સુધી સાચવી રાખવામાં આવશે.એક વાર નોંધણી થઈ ગયા પછીની મુલાકાતો વખતે પ્રવાસીએ ફક્ત આંગળીના નિશાન અથવા ચહેરો બતાવવાનો રહેશે. આ રીતે પ્રવાસીઓની મુસાફરી ઝડપી બની જશે. આ સિસ્ટમનું સંચાલન EU-LISA સંસ્થા કરે છે, જે યુરોપના ડેટા સુરક્ષા નિયમોનું પાલન કરે છે.આ સિસ્ટમ ૧૨ ઓક્ટોબર, ૨૦૨૫થી તબક્કાવાર શરૂ કરાઈ હતી. યુરોપિયન કમિશનના જણાવ્યા મુજબ, અત્યાર સુધીમાં ૪.૫ કરોડથી વધુ આવાગમનની નોંધણી થઈ ચૂકી છે. આ સિસ્ટમને કારણે ૨૪,૦૦૦થી વધુ લોકોને પ્રવેશ નકારવામાં આવ્યો છે અને ૬૦૦થી વધુ લોકોને સુરક્ષાની દૃષ્ટિએ જોખમી ઠેરવવામાં આવ્યા છે.જો તમે નજીકના ભવિષ્યમાં યુરોપ જવાના હોવ, તો તમારે લાંબી કતારોમાં ઊભા રહેવા માટે તૈયાર રહેવું પડશે. એરપોર્ટ્સ કાઉન્સિલ ઈન્ટરનેશને ચેતવણી આપી છે કે, આ સિસ્ટમથી વ્યસ્ત સમયમાં ૩ કલાક સુધીની કતાર લાગી શકે છે. તેમણે દાવો કર્યો છે કે, આ કારણસર ઈટાલીના પીસા એરપોર્ટ પર હાલમાં જ કેટલાક લોકોએ ૫ કલાક સુધી કતારમાં ઊભા રહેવું પડ્યું હતું.હા, યુરોપિયન બોર્ડર એન્ડ કોસ્ટ ગાર્ડ એજન્સી ફ્રન્ટેક્સે ‘ટ્રાવેલ ટુ યુરોપ’ નામની એપ બનાવી છે, જેમાં તમે યુરોપ પહોંચતાના ૭૨ કલાક પહેલાં તમારો પાસપોર્ટ ડેટા અને ચહેરાનો ફોટો અપલોડ કરી શકો છો. હાલ આ એપ ફક્ત સ્વીડન અને પોર્ટુગલમાં ઉપલબ્ધ છે. ટૂંક સમયમાં તે બીજા દેશોમાં પણ ઉપલબ્ધ થઈ જશે. જો કે, તેનો ઉપયોગ કરશો તો પણ પહેલી વખતની ફરજિયાત સરહદી તપાસમાંથી તો પસાર થવું જ પડશે.EES પછી યુરોપિયન યુનિયન ‘યુરોપિયન ટ્રાવેલ ઈન્ફોર્મેશન એન્ડ ઓથોરાઈઝેશન સિસ્ટમ’ એટલે કે ETIAS શરૂ કરશે. વર્ષ ૨૦૨૬ના અંતમાં શરૂ થનાર આ સિસ્ટમ હેઠળ વિઝા-મુક્ત દેશોના પ્રવાસીઓ (જેમ કે બ્રિટિશ નાગરિકો)ને ૨૦ યુરોની ફી ભરીને ઓનલાઈન મંજૂરી લેવી પડશે. ૧૮ વર્ષથી ઓછા અને ૭૦ વર્ષથી વધુ ઉંમરના લોકોને ફીમાંથી મુક્તિ મળશે. EES અને ETIAS બંને મળીને યુરોપની સરહદોને વધુ સુરક્ષિત બનાવશે.યુરોપિયન દેશોમાં જતા મુસાફરો માટે કેટલાક સૂચન - યુરોપની મુલાકાત પહેલીવાર લો, ત્યારે તપાસ માટે વધારાનો સમય લઈને જવું. ઓછામાં ઓછા ૩-૪ કલાકની ગણતરી રાખવી. - શક્ય હોય તો ‘ટ્રાવેલ ટુ યુરોપ’ એપનો ઉપયોગ કરો.- ડોવર બંદર, યુરો-ટનલ અને યુરો-સ્ટાર જેવા સ્થળોએ EES કિઓસ્ક લગાવાયા છે, ત્યાં સમયસર પહોંચો.

- તમારા બાળકોના દસ્તાવેજો સાથે રાખો, ભલે તેમને આંગળીના નિશાન ન લેવાતા હોય.

### ૧૫-૧૬ એપ્રિલ દરમિયાન એક નવો પશ્ચિમી વિક્ષેપ સક્રિય થશે

# ગુજરાતમાં હવામાનનો ડબલ એટેક ગરમી : કમોસમી વરસાદની શક્યતા

## દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમીની સાથે ભેજનું પ્રમાણ પણ વધશે. પણ, વિદર્ભના ભાગોમાં ગરમીનો આંક વધી શકે છે

અમદાવાદ, તા.૧૪

હવામાનમાં આવી રહેલા મોટા ફેરફારોને કારણે આગામી દિવસો ગુજરાત માટે પડકારજનક સાબિત થઈ શકે છે. એક તરફ સૂર્યદેવ પોતાનું રૌદ્ર સ્વરૂપ બતાવશે, તો બીજી તરફ પશ્ચિમ વિક્ષેપના કારણે વાતાવરણમાં પલટો આવવાની પણ શક્યતા છે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે કરેલી આગાહી મુજબ ૧૫-૧૬ એપ્રિલ દરમિયાન એક નવો પશ્ચિમી વિક્ષેપ સક્રિય થશે, જેની અસર ૧૮થી ૨૨ એપ્રિલ દરમિયાન જોવા મળશે. આ ઉપરાંત ૨૦ એપ્રિલ દરમિયાન ગરમી તેના આકરા તેવર બતાવશે. મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં તાપમાનનો પારો ૪૪ ડિગ્રીને પાર કરી શકે છે.દેશભરમાં હવામાન ફરી એકવાર મોટો યુ-ટર્ન લેવા માટે તૈયાર છે. થોડા દિવસ પહેલા જ તોફાન અને વરસાદથી થોડી રાહત મળી છે. હવે, ગરમી તીવ્ર બની રહી છે. જોકે, ૧૫ એપ્રિલથી એક નવો પશ્ચિમી વિક્ષેપ સક્રિય થવાનો છે. આ સિસ્ટમના આગમનથી હવામાનની ગતિશીલતા સંપૂર્ણપણે બદલાઈ શકે છે. કેટલાક પ્રદેશોમાં જોરદાર પવન ફૂંકાશે, જ્યારે અન્ય વિસ્તારોમાં વરસાદ પડશે; અન્યત્ર, તાપમાનમાં અચાનક ઘટાડો થવાની ધારણા છે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે આગાહીમાં જણાવ્યું છે કે, ગુજરાતમાં આગામી દિવસોમાં ગરમીનો આતંક વધવાની શક્યતા છે. એસી અને પંખાનો ધમધમાટ શરૂ થઈ જશે. ૧૪ એપ્રિલમાં ગરમી રૌદ્ર સ્વરૂપ બતાવશે. ૨૦મી તારીખ સુધીમાં ગરમીનો આતંક વધી જશે. મધ્ય ગુજરાતના ભાગોમાં ગરમીનો ઉકળાટ વધુ રહેશે. એપ્રિલના અંત સુધીમાં તો મધ્ય ગુજરાતના ભાગોમાં ગરમીનો આંક વધશે. કેટલાક ભાગોમાં ૪૪ ડિગ્રીથી વધારે ગરમી પડવાની શક્યતા છે. ઉત્તર ગુજરાતના ભાગોમાં ગરમી અકળાવી શકે છે. આ ઉપરાંત સૌરાષ્ટ્ર અને કચ્છ, દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં પણ ગરમી વધવાની શક્યતા છે.આ સાથે તેમણે જણાવ્યું છે કે, દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમીની સાથે ભેજનું પ્રમાણ પણ વધશે. પણ, વિદર્ભના ભાગોમાં ગરમીનો આંક વધી શકે છે. તારીખ ૧૬-૧૭થી બીજો પશ્ચિમી વિક્ષેપ આવતા ગુજરાતમાં વાદળો આવવાની શક્યતા રહેશે. ૧૮થી ૨૨ એપ્રિલ સુધી તેની અસર ગુજરાતના ભાગોમાં થવાની રહેશે. જેના કારણે ગુજરાતમાં વાદળવાયું, કોઈક કોઈક ભાગમાં પ્રી-મોન્સૂનનો વરસાદ અને ક્યાંક છાંટા થઈ શકે છે. ઉત્તર, મધ્ય, સૌરાષ્ટ્ર અને દક્ષિણના ભાગોમાં હવામાનમાં પલટો આવવાની શક્યતા રહેશે. ૨૬ એપ્રિલ બાદ હવામાનમાં પલટો આવવાની શક્યતા છે. દેશના કેટલાક ભાગોમાં વરસાદની સાથે મેઘગર્જના સાથે કરા પડવાની પણ શક્યતા રહેશે. ત્યાર બાદ મેની શરૂઆતમાં અને ૧૧થી ૨૦ મે દરમિયાન કાળી આંધી અને વંટોળિયા આવી શકે છે. હવે ધીરે ધીરે પવનની ગતિ વધશે.

### હાઈકોર્ટના જજ સામે કેજરીવાલનો સવાલ

# તમે RSS ના કાર્યક્રમમાં ગયા છો, શું મને ન્યાય મળશે?

## ટ્રાયલ કોર્ટે ૨૭ ફેબ્રુઆરીએ કેજરીવાલ અને સિસોદિયાને ક્લીનચીટ આપી હતી, જેની વિરુદ્ધ સીબીઆઈએ હાઈકોર્ટમાં અરજી કરી છે

નવી દિલ્હી, તા.૧૪

દિલ્હીના પૂર્વ સીએમ અરવિંદ કેજરીવાલે લિકર પોલિસી કેસમાં હાઈકોર્ટના જસ્ટિસ સ્વર્ણકાંતા શર્મા પર ગંભીર સવાલો ઉઠાવ્યા છે. કેજરીવાલે આરોપ લગાવ્યો કે જસ્ટિસ શર્મા RSS સાથે જોડાયેલ વકીલોની સંસ્થા ‘અધિવકતા પરિષદ’ના કાર્યક્રમોમાં ચાર વખત હાજરી આપી ચૂક્યા છે. કેજરીવાલે દલીલ કરી હતી કે તેઓ પોતે ભાજપ-આરએસએસની વિચારધારાના વિરોધી હોવાથી તેમને આ ન્યાયાધીશ પાસે નિષ્પક્ષ ન્યાય મળશે કે કેમ તે બાબતે શંકા છે.કેજરીવાલે કોર્ટમાં કહ્યું કે, એક કાર્યશીલ લોકશાહીમાં ધારણા ખૂબ મહત્વની હોય છે. જો કોઈ ન્યાયાધીશ કોઈ ચોક્કસ વિચારધારા સાથે જોડાયેલા કાર્યક્રમોમાં ભાગ લેતા હોય, તો વિરોધી વિચારધારા ધરાવતા આરોપીના મનમાં ડર પેદા થાય તે સ્વાભાવિક છે. તેમણે સીબીઆઈ અને ઈડીની તપાસને રાજકીય રીતે પ્રેરિત ગણાવી હતી.કોર્ટની બેન્ચે સવાલ કર્યો કે જે કાર્યક્રમમાં જજના હાજર રહેવાનો તમે ઉલ્લેખ કરી રહ્યા છો તેની કોઈ લિન્ક તમારી પાસે છે? તે કાર્યક્રમમાં જજે કોઈ રાજકીય નિવેદન આપ્યું હતું? કે પછી આ એક બંધારણીય કાર્યક્રમ હતો? જેના જવાબમાં કેજરીવાલે કહ્યું કે મને જજ કાર્યક્રમમાં હાજર રહ્યા તે વાતથી જ આશંકા થાય છે. દલીલોના અંતે જસ્ટિસ શર્માએ કેજરીવાલની દલીલ કરવાની શૈલીના વખાણ કર્યા અને કહ્યું કે, તમે ખૂબ સારી દલીલ કરી, તમે વકીલ પણ બની શકો છો. જેના પર કેજરીવાલે સ્મિત સાથે જવાબ આપ્યો કે, આભાર મેડમ, પણ હું અત્યારે જે કરી રહ્યો છું તેનાથી ખુશ છું. જસ્ટિસ શર્માએ કહ્યું કે મને જિંદગીમાં પહેલીવાર કોઈએ કેસથી અલગ થવાની દલીલ કરી છે, પણ આનાથી પણ મને ઘણું શીખવા મળ્યું. ટ્રાયલ કોર્ટે ૨૭ ફેબ્રુઆરીએ કેજરીવાલ અને સિસોદિયાને ક્લીનચીટ આપી હતી, જેની વિરુદ્ધ સીબીઆઈએ હાઈકોર્ટમાં અરજી કરી છે.

### ગુજરાતનું સચિવાલય બન્યું સ્ટુડિયો

# જનતાના દરબારમાં ગેરહાજર મંત્રીઓ સોશિયલ મીડિયા પર હાજર

## પ્રજાના પ્રશ્નો હલ કરવાને બદલે સોશિયલ મીડિયામાં રીલ્સ બનાવી ફોલોઅર્સ વધારવા ભાજપ સરકારના મંત્રીઓમાં હોડ જામી છે

અમદાવાદ,તા.૧૪

ગુજરાતમાં ભૂપેન્દ્ર પટેલ સરકારના મંત્રીઓ ગ્રાઉન્ડ ઝીરોમાં કામ કરવામાં સક્ષમ નથી. આ કારણોસર પ્રજાના દરબારમાં ગેરહાજર મંત્રીઓ ફેસબુક, ટ્વિટર, ઈન્સ્ટાગ્રામ હાજર દેખાઈ રહ્યા છે. લોકો વચ્ચે જવું અઘરું બન્યું છે પરિણામે મંત્રીઓને જાણે સોશિયલ મીડિયામાં ફોલોઅર્સ વધારવાનું ઘેલું લાગ્યું છે. એટલું જ નહીં, ફોટા, નિવેદન, રીલ્સ બનાવી મંત્રીઓ જાણે ઈન્ફ્લુએન્સર બન્યા હોય તેવું ચિત્ર ઉપસ્યું છે.પ્રજાના પ્રશ્નો હલ કરવાને બદલે સોશિયલ મીડિયામાં રીલ્સ બનાવી ફોલોઅર્સ વધારવા ભાજપ સરકારના મંત્રીઓમાં હોડ જામી છે. છેલ્લા ૩૦ વર્ષથી ગુજરાતમાં ભાજપનું અડીખમ શાસન છે. વિપક્ષનો તો જાણે એકડો નીકળી ગયો છે. ગુજરાતમાં ગ્રાઉન્ડ પર પ્રજાની સમસ્યાઓ ઠેરની ઠેર છે. આમ જનતાનું કોઈ સાંભળનાર નથી. સરકારી કચેરીઓમાં પૈસા આપ્યા વિના કામો થતાં નથી. દલાલોએ કચેરીઓ પર કબજો મેળવી લીધો છે. ભ્રષ્ટ અધિકારી અને મળતિયાઓ ધૂમ કમાણી કરી રહ્યા છે. પ્રાથમિક અને માળખાકીય સુવિધાના અભાવે લોકોની મુશ્કેલીઓનો કોઈ પાર નથી. આ સંજોગોમાં કોઈને વિકાસ દેખાય કે નહીં પણ મંત્રીઓના ફેસબુક, ઈન્સ્ટાગ્રામ પર વિકાસ જ વિકાસ દેખાઈ રહ્યો છે.ઉલ્લેખનીય છે કે, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપે સોશિયલ મીડિયામાં વધુ ફોલોઅર્સ હોય તેવા ઉમેદવારોને પ્રાધાન્ય આપ્યું હતું ત્યારે આ તરફ, ભાજપમાં મંત્રીઓના માથે પણ ડીજીટલ ભૂત સવાર થયું છે. ચૂંટણી જીત્યા બાદ મંત્રીઓએ જનસંપર્કને વધુ મહત્વ આપવાનું ટાળ્યું છે.પ્રસાર-પ્રચારના માધ્યમથી લોકપ્રિયતા મેળવવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી વચ્ચે રીતસર સોશિયલ મીડિયા વોર જામ્યો છે. મુખ્યમંત્રી માટે તો માહિતી વિભાગના પગારદાર અધિકારી, કર્મચારીઓ કામ કરી રહ્યા છે પણ હર્ષ સંઘવીને જાણે સરકારી તંત્ર પર ભરોસો રહ્યો નથી. ફેસબુક, ઈન્સ્ટાગ્રામ પર પળેપળ ડિજિટલ હાજરી માટે હર્ષ સંઘવી ખુદ મેદાને પડ્યા છે. માહિતી વિભાગ મુખ્યમંત્રીની લોકપ્રિયતા માટે કસમકશ કરી રહ્યું છે તો, હર્ષ સંઘવી પણ સોશિયલ મીડિયામાં ખૂબ જ એક્ટિવ છે. ’હું જ ગુજરાતનો નાથ છું’ એવો ધૂમ પ્રચાર કરવા પાછળ પીઆર એજન્સી કામે લાગી હોવાની ચર્ચાઈ રહ્યું છે. ઘણા મંત્રીઓએ સોશિયલ મીડિયા કંપનીઓને કામ સોંપ્યું છે. પ્રત્યેક લોકો સુધી પહોંચવું શક્ય નથી ત્યારે સોશિયલ મીડિયા એ નવા જમાનાનું શસ્ત્ર સાબિત થયું છે ત્યારે યુવા મતદારો સુધી પહોંચવા સરકારે પણ પોતાના મંત્રીઓ પર નજર રાખી છે. હાલ ઘણા મંત્રી-નેતાઓએ પણ આઈટી કંપનીઓને ભાડે રાખી હોવાનું કહેવાય છે. કયા મંત્રી ક્યાં કેટલા મજબુતસૌથી વધુ ફોલોઅર્સઃ રિવાબા જાડેજા ઈન્સ્ટાગ્રામ પર ૨.૬ મિલિયન (૨૬ લાખ) સાથે મોખરે છે.ફેસબુક પર દબદબોઃ રિવાબા જાડેજા અને હર્ષ સંઘવી બંને ૧ મિલિયનથી વધુ ફોલોઅર્સ ધરાવે છે.ટ્વિટર (X): મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સૌથી વધુ ૯.૬૭ લાખ ફોલોઅર્સ ધરાવે છે.

### કેરોસીનનો ઉપયોગ રાંધવા તથા પ્રકાશ માટે જ કરી શકાશે

# અમદાવાદ જિલ્લાના ૯ તાલુકાના એક-એક પેટ્રોલપંપ પરથી કેરોસીનનું વિતરણ થશે

## કેરોસીન ફાળવણી માટેની અરજીઓ સ્વીકારવા માટે NIC દ્વારા ખાસ ઓનલાઈન પ્લેટફોર્મ તૈયાર કરવામાં આવ્યું

અમદાવાદ, તા.૧૪

રાજ્ય સરકાર દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં LPG ઉપરાંત કેરોસીન વિતરણ કરવા માટેનું આયોજન કરાયું છે. જેમાં અમદાવાદ ગ્રામ્યના 9 તાલુકાના એક-એક પેટ્રોલપંપ પરથી કેરોસીનનું વિતરણ કરવામાં આવશે. આ કેરોસીન ગ્રામીણ વિસ્તાર માટે રહેશે અને તેનો ઉપયોગ ફક્ત રાંધવા માટે તથા પ્રકાશની વ્યવસ્થા કરવા માટે જ કરી શકાશે. પરિવાર દીઠ 5 લીટર અને સંસ્થા દીઠ 25 લીટર કેરોસીનનો પુરવઠો અપાશે. આ માટે કેરોસીનના પ્રતિ લિટરના ભાવ 61.96થી 62.69 નક્કી કરવામાં આવ્યા છે. 1 ટેન્કર એટલે કે 12 હજાર લીટર કેરોસીનની માગણી મળ્યા બાદ જથ્થો મોકલવામાં આવશે. ગુજરાત સરકાર દ્વારા કેન્દ્ર સરકારની સૂચનાનુસાર રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં LPG ઉપરાંત કેરોસીનના વિતરણની વધારાની વ્યવસ્થા કેરોસીન ડિલર એસોસિયેશન તથા ઓઈલ માર્કેટિંગ કંપનીઓ સાથે ગોઠવવામાં આવેલી છે. કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાત રાજ્યને કુલ 1452 KL કેરોસીન ફાળવવામાં આવ્યું છે. ગુજરાત સરકાર દ્વારા રાજ્યના તમામ જિલ્લાઓમાં 36 KL કેરોસીનની ફાળવણી કરવામાં આવી છે. આ કેરોસીનનું વિતરણ ગ્રામીણ વિસ્તારોમાં કરવામાં આવશે, જેમાં પરિવાર દીઠ 5 લિટર તથા સંસ્થાઓ દીઠ 25 લિટર વિતરણ કરવામાં આવશે. આ કેરોસીનનો ઉપયોગ ફક્ત રાંધવા માટે તેમજ પ્રકાશની વ્યવસ્થા કરવા માટે કરી શકાશે.કેરોસીન ફાળવણી માટેની અરજીઓ સ્વીકારવા માટે NIC દ્વારા ખાસ ઓનલાઈન પ્લેટફોર્મ તૈયાર કરવામાં આવ્યું છે. જે ગત સોમવારથી ચાલુ છે. જિલ્લાના દરેક ગ્રામીણ તાલુકામાં પેટ્રોલપંપ પરથી કેરોસીન વિતરણની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જેમાં અમદાવાદ ગ્રામ્યમાં પણ 9 જેટલા પેટ્રોલપંપ પરથી કેરોસીન વિતરણની વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં માંડલ, દેત્રોજ, વિરમગામ, સાણંદ, બાવળા, દસક્રોઈ, ધોળકા, ધંધુકા અને ધોલેરા તાલુકાના એક-એક પેટ્રોલપંપ પરથી કેરોસીનનું વિતરણ કરવામાં આવશે. જિલ્લા સ્તરે ઓછામાં ઓછા 12000 લિટર કેરોસીનની (1 ટેન્કર લોડ) ઓનલાઈન માગણી મળ્યેથી કેરોસીનનું વિતરણ દરેક તાલુકાના એક પેટ્રોલ પંપ પરથી કરવામાં આવશે. ટ્રાન્સપોર્ટ તથા બીજા ખર્ચને ધ્યાનમાં લઈને કેરોસીન વિતરણ માટે ભાવ બાંધણી કરવામાં આવેલી છે. જે પ્રતિ લીટર ~ 61.96થી ~ 62.69 વચ્ચે નિયત કરવામાં આવી છે.

### નોઈડા વિરોધ પ્રદર્શન

# મોંઘવારી અને ભાડાનો માર મામલે રાહુલ ગાંધીનું વિશ્લેષણ

## રાહુલ ગાંધીએ આ સ્થાનિક પ્રદર્શનને વૈશ્વિક પરિસ્થિતિ સાથે જોડતા જણાવ્યું હતું કે, પશ્ચિમ એશિયામાં યુદ્ધને કારણે સપ્લાય ચેઇન તૂટી ગઈ છે

નવી દિલ્હી,તા.૧૪

ગૌતમબુદ્ધ નગર જિલ્લામાં પગાર વધારાની માંગ સાથે શ્રમિકોનું પ્રદર્શન બીજા દિવસે પણ ચાલુ રહ્યું હતું. કેટલીક જગ્યાએ પથ્થરમારાની ઘટનાઓ બાદ પોલીસે સ્થિતિ કાબૂમાં લીધી છે, પરંતુ આ ઘટના પર રાહુલ ગાંધીની પ્રતિક્રિયાએ ચર્ચા જગાવી છે. તેમણે શ્રમિકોની સ્થિતિને દેશના મજૂરની અંતિમ ચીસ ગણાવી છે.રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ’X’ પર એક લાંબી પોસ્ટ દ્વારા શ્રમિકોના આર્થિક સંઘર્ષનો ચિતાર આપ્યો હતો. નોઈડામાં કામ કરતા મજૂરનો પગાર રૂપિયા ૧૨,૦૦૦ છે, જ્યારે ભાડું રૂપિયા ૪,૦૦૦ થી રૂપિયા ૭,૦૦૦ સુધીનું હોય છે. રાહુલ ગાંધીએ લખ્યું કે, જ્યારે રૂપિયા ૩૦૦નો વાર્ષિક પગાર વધારો મળે છે, ત્યારે મકાનમાલિકો રૂપિયા ૫૦૦ ભાડું વધારી દે છે. આ બેફામ મોંઘવારી મજૂરનું ગળું ટૂંપે છે. શ્રમિકો રૂપિયા ૨૦,૦૦૦ પગારની માંગ કરી રહ્યા છે, જેને રાહુલે તેમનો અધિકાર ગણાવ્યો છે.રાહુલ ગાંધીએ આ સ્થાનિક પ્રદર્શનને વૈશ્વિક પરિસ્થિતિ સાથે જોડતા જણાવ્યું હતું કે, પશ્ચિમ એશિયામાં યુદ્ધને કારણે સપ્લાય ચેઈન તૂટી ગઈ છે, જેનાથી ઈંધણના ભાવ આસમાને પહોંચ્યા છે. તેમણે એક મહિલા શ્રમિકનો ઉલ્લેખ કર્યો જેણે જણાવ્યું કે, ગૅસના ભાવ વધે છે પણ પગાર નહીં. ગૅસ સંકટમાં લોકોએ રૂપિયા ૫,૦૦૦માં પણ સિલિન્ડર ખરીદ્યા હશે. રાહુલે આરોપ લગાવ્યો કે, આ વૈશ્વિક મોંઘવારી અને ટેરિફ વૉરનો બોજ વડાપ્રધાનના મિત્ર ઉદ્યોગપતિઓ પર નહીં, પણ રોજેરોજ કમાઈને ખાતા મજૂર પર પડ્યો છે.રાહુલ ગાંધીએ નવેમ્બર ૨૦૨૫થી અમલી બનેલા ચાર નવા શ્રમ કાયદાઓ પર નિશાન સાધ્યું હતું. આ કાયદાઓ દ્વારા કામના કલાકો વધારીને ૧૨ કલાક કરી દેવામાં આવ્યા છે. સરકારે કોઈપણ ચર્ચા વગર ઉતાવળમાં આ કાયદા લાગુ કર્યા હોવાનો આરોપ તેમણે લગાવ્યો. જે મજૂર રોજ ૧૨ કલાક ઊભા રહીને કામ કરે છે અને બાળકોની ફી દેવું કરીને ભરે છે, શું તેની માંગ ગેરવાજબી છે?રાહુલ ગાંધીએ સ્પષ્ટ કર્યું કે, તેઓ દેશની કરોડરજ્જુ સમાન શ્રમિકોની સાથે છે, જેમને સરકારે બોજ સમજી લીધા છે. નોઈડાના આ પ્રદર્શનોએ દેશમાં વધતી મોંઘવારી અને શ્રમ અધિકારોના મુદ્દાને ફરી એકવાર કેન્દ્રસ્થાને લાવી દીધો છે.

### હોર્મુઝ બ્લોકેડ

# ક્રૂડ ઓઈલ ૧૦૦ ડોલરને પાર, મંદી-મોંઘવારીનો ખતરો

## આ નિર્ણયને પગલે વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વના ગણાતા સ્ટ્રેટ ઓફ હોર્મુઝને ફરીથી ખોલવા અંગે અનિશ્ચિતતા સર્જાઈ છે

નવી દિલ્હી,તા.૧૪

ગત સપ્તાહના અંતે સીઝફાયર માટેની મંત્રણાઓ નિષ્ફળ ગયા બાદ, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાની બંદરો પર સૈન્ય નાકાબંધી કરવાની જાહેરાત કરી છે. આ નિર્ણયને પગલે વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વના ગણાતા સ્ટ્રેટ ઓફ હોર્મુઝને ફરીથી ખોલવા અંગે અનિશ્ચિતતા સર્જાઈ છે. ઈરાને અગાઉ આ મહત્વપૂર્ણ જળમાર્ગમાંથી ટેન્કરોની અવરજવર લગભગ બંધ કરી દીધી હતી. માત્ર ઈરાન સાથે મિત્રતા ધરાવતા દેશોના જહાજોને જ ભારે ફી વસૂલીને પસાર થવા દેવામાં આવતા હતા. આ દબાણને ખતમ કરવા ટ્રમ્પ વહીવટીતંત્રે નાકાબંધીનો આકરો નિર્ણય લીધો છે.નિષ્ણાતોના મતે, આ નાકાબંધીનો અમલ કરવો એ અમેરિકી નૌસેના માટે મોટો પડકાર છે. આ ઓપરેશન માટે યુએસ નેવીના મોટી સંખ્યામાં જહાજો અને જવાનોની જરૂર પડશે. અમેરિકન નૌસેનાને અનેક પ્રકારનાં રિસોર્સિસની જરૂરિયાત ઉભી થશે. હાલમાં મધ્ય પૂર્વમાં અમેરિકાના ૧૬ યુદ્ધ જહાજો તૈનાત છે, પરંતુ પેલેસ્ટાઈન કે ઈરાનના દરિયાકાંઠાના મુખ્ય ભાગમાં હાલ કોઈ જહાજ નથી. સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાંથી વિશ્વના કુલ તેલ વેપારનો ૨૦% હિસ્સો પસાર થાય છે. આટલા મોટા પાયે જહાજોના ટ્રાફિકને રોકવો કે નિયંત્રિત કરવો ભૌગોલિક રીતે મુશ્કેલ છે.બધું જ નાકાબંધીના શરૂઆતના દિવસો પર નિર્ભર છે. અમેરિકા કેટલા જહાજોને જપ્ત કરી શકે છે અને અન્ય દેશોના જહાજોને પસાર થતા કેટલા અટકાવી શકે છે, તેના પર સફળતાનો આધાર છે. તેવું નિષ્ણાંતો જણાવી રહ્યા છે.નાકાબંધીના કાયદેસરપણા અંગે પણ પ્રશ્નો ઉઠી રહ્યા છે. આંતરરાષ્ટ્રીય નિયમો મુજબ કોઈ પણ દેશ નાગરિક વસ્તીને ભૂખે મારવાના હેતુથી નાકાબંધી ન કરી શકે. ઈરાનમાં જતી માનવીય સહાયને મંજૂરી આપવી કે નહીં, તે આ નાકાબંધીની કાયદેસરતા નક્કી કરશે. કોઈપણ દેશના જહાજો સાથે ભેદભાવ વગર સમાન વર્તન કરવું જરૂરી છે. પરંતુ આ સ્થિતિ જે પેદા થઈ છે તેના કારણે ક્રૂડની કિંમતમાં ભડકો જરૂર થશે અને સામાન્ય જનતા પર બોજ વધશે. આ તણાવની સીધી અસર ગ્રાહકોના ખિસ્સા પર પડશે. ક્રૂડ ઓઈલની કિંમત યુદ્ધ પહેલા તેલના ભાવ પ્રતિ બેરલ $૭૦ હતા, જે હવે વધીને $૧૦૦ ને પાર કરી ગયા છે. અમેરિકામાં ગેસોલિનના ભાવ $૨.૯૮ થી વધીને સરેરાશ ઈ૪.૧૨ પ્રતિ ગેલન થઈ ગયા છે. ભારત અને ચીન જેવા એશિયન દેશો જે મધ્ય પૂર્વના તેલ આયાત પર નિર્ભર છે, તેમને સૌથી વધુ આર્થિક ફટકો પડી શકે છે.માત્ર તેલ જ નહીં, પરંતુ અન્ય ચીજવસ્તુઓના ભાવ પણ વધી શકે છે. જેમાં ખાતર કે જે દુનિયાનું ૩૦% આ જળમાર્ગમાંથી પસાર થાય છે. જો પુરવઠો ખોરવાય તો વૈશ્વિક સ્તરે ખેતી અને અનાજના ઉત્પાદન પર માઠી અસર પડશે. યુએઈ, કતાર અને બહેરીન જેવા દેશોમાં ખાદ્ય સામગ્રી મોંઘી થશે કારણ કે સામાન વિમાન દ્વારા મંગાવવો પડશે. ઔદ્યોગિક કાચો માલ જેવા કે એલ્યુમિનિયમ અને પેઈન્ટ બનાવવા માટે વપરાતા કેમિકલ્સનો સપ્લાય પણ અટકી શકે છે.નિષ્ણાતો ચેતવણી આપી રહ્યા છે કે ઈરાન આ નાકાબંધીનો જવાબ નેવલ માઈન્સ (દરિયાઈ સુરંગો), ઝડપી હુમલોકરી શકે તેવી બોટ અને મિસાઈલો દ્વારા આપી શકે છે. ઈઝરાયલ અને અમેરિકા સાથેના આ સંઘર્ષમાં ઈરાન પર્સિયન ગલ્ફ અને ગલ્ફ ઓફ ઓમાનમાં આવેલા અન્ય બંદરોને નિશાન બનાવવાની ધમકી આપી રહ્યું છે. વૈશ્વિક બજારોએ હવે લાંબા સમય સુધી ઊંચા ભાવો અને આર્થિક અનિશ્ચિતતા માટે તૈયાર રહેવું પડશે. ભલે નાકાબંધી ટૂંકા ગાળા માટે હોય, પણ તેની અસર વર્ષો સુધી સપ્લાય ચેઈન પર જોવા મળી શકે છે.

### રેકોર્ડબ્રેક આંકડા માર્ચમાં સૌથી વધુ ખરીદી

# હોર્મુઝ સંકટ વચ્ચે ટ્રમ્પ જોતા રહી ગયા અને ભારત-રશિયાએ બાજી પલટી

## નાયરા એનર્જીની રિફાઇનરીમાં મેન્ટેનન્સ શટડાઉનને કારણે આ કામચલાઉ ઘટાડો જોવા મળ્યો છે

નવી દિલ્હી,તા.૧૪

પશ્ચિમ એશિયામાં વધતા તણાવ અને દરિયાઈ માર્ગો પરના અવરોધો વચ્ચે ભારત સરકારે સ્પષ્ટ કરી દીધું છે કે, તેની પ્રાથમિકતા દેશની ઉર્જા જરૂરિયાતો પૂરી કરવાની છે. આ માટે ભારતે ફરીથી રશિયા પાસેથી સસ્તું અને સતત ક્રૂડ મેળવવાની જૂની રણનીતિ તેજ કરી છે.ડાલમાં જ સામે આવેલા ડેટા મુજબ, ભારતે રશિયા પાસેથી ક્રૂડની આયાતમાં મોટો ઉછાળો નોંધાવ્યો છે. માર્ચ ૨૦૨૬માં ભારતે રશિયા પાસેથી પ્રતિદિન ૧.૯૮ મિલિયન બેરલ ક્રૂડ ઓઈલ ખરીદ્યું છે. આ આંકડો જૂન ૨૦૨૩ પછીનો સૌથી ઉંચો છે. એપ્રિલની સ્થિતિ અનુસાર એપ્રિલમાં આયાત ઘટીને ૧.૫૭ મિલિયન બેરલ થઈ છે, પરંતુ આ ઘટાડો માંગને કારણે નહીં પણ ટેકનિકલ કારણોસર છે. નાયરા એનર્જીની રિફાઈનરીમાં મેન્ટેનન્સ શટડાઉનને કારણે આ કામચલાઉ ઘટાડો જોવા મળ્યો છે.ભારત તેની ક્રૂડ ઓઈલની ૯૦% જરૂરિયાતો માટે આયાત પર નિર્ભર છે. નિષ્ણાતોના મતે હવે ભારતીય રિફાઈનરીઓ માટે ક્રૂડની કિંમત કરતા તેની સતત ઉપલબ્ધતા વધુ મહત્વની બની છે. ભારત જેટલું બની શકે તેટલું રશિયન ક્રૂડ ઓઈલ મેળવી રહ્યું છે. જ્યાં સુધી પર્સિયન ગલ્ફમાં સપ્લાય ખોરવાયેલી રહેશે, ત્યાં સુધી રશિયા ભારત માટે સૌથી મોટો અને ભરોસાપાત્ર સ્ત્રોત બની રહેશે. તેવું અનેક નિષ્ણાંતોનું માનવું છે. પેટ્રોલિયમ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ પણ સ્પષ્ટ કર્યું છે કે આ નિર્ણયો સંપૂર્ણપણે ટેકનિકલ અને વ્યાપારી સદ્ધરતાના આધારે લેવામાં આવે છે.વૈશ્વિક સ્તરે એક ચિંતાજનક સંકેત એ છે કે, સમુદ્રમાં જમા રહેલ રશિયન ક્રૂડનો સ્ટોક ઝડપથી ઘટી રહ્યો છે. ગયા વર્ષના અંતે આ સ્ટોક ૧૫૫ મિલિયન બેરલ હતો.

હવે તે ઘટીને માત્ર ૧૦૦ મિલિયન બેરલ રહી ગયો છે. જે સૂચવે છે કે રશિયન ક્રૂડની વૈશ્વિક માંગમાં સતત વધારો થઈ રહ્યો છે અને સપ્લાય પર દબાણ વધી રહ્યું છે.શિયા-યુક્રેન યુદ્ધ બાદ રશિયાએ ભારતને આકર્ષક ડિસ્કાઉન્ટ ઓફર કર્યું હતું. હોર્મુઝ સંકટ વચ્ચે પશ્ચિમ એશિયાના રસ્તાઓ અસુરક્ષિત બનતા ભારતને વૈકલ્પિક માર્ગની જરૂર હતી. અર્થતંત્ર પર અસર જોવા મળી રહી છે. ક્રૂડના ભાવ વધતા મોંઘવારી વધે છે, જેને નિયંત્રિત કરવા સરકાર સસ્તું ક્રૂડ ખરીદવા મક્કમ છે.

### કેન્દ્ર સરકારે તૈયાર કર્યું નવું બિલ

# લોકસભાની બેઠકો ૫૪૩થી વધીને ૮૫૦ થઈ શકે છે

નવી દિલ્હી,તા.૧૪

કેન્દ્ર સરકાર દ્વારા ભારતીય સંસદના નીચલા ગૃહ એટલે કે લોકસભાની સભ્ય સંખ્યામાં ધરખમ વધારો કરવાની દરખાસ્ત મૂકવામાં આવી છે. મળતી માહિતી અનુસાર, સરકારે સાંસદો સાથે 'બંધારણ (૧૩૧મો સુધારો) બિલ, ૨૦૨૬' શેર કર્યું છે. આ બિલમાં લોકસભાની કુલ બેઠકોની મર્યાદા વધારીને ૮૫૦ કરવાની જોગવાઈ કરવામાં આવી છે. આ બિલ આગામી વસતી ગણતરીના આધારે લોકસભા બેઠકોની સંખ્યા વધારીને વધુમાં વધુ ૮૫૦ કરવા, મતવિસ્તારોના પુનઃનિર્ધારણ (સીમાંકન) અને મહિલા અનામતના અસરકારક અમલીકરણ માટે વૈધાનિક માર્ગ મોકળો થશે. સરકારના આ પગલા સાથે, દાયકાઓથી પડતર બેઠકોના પુનર્ગઠનને સીલ કરવા અને ભાષાકીય અને પ્રાદેશિક પ્રતિનિધિત્વ માટે એક નવું માળખું સ્થાપિત કરવા માટે પ્રક્રિયા ઔપચારિક રીતે શરૂ થઈ ગઈ છે. બંધારણ મુજબ, હાલમાં રાજ્યોમાંથી ૫૩૦ અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી ૨૦ બેઠકો હોઈ શકે છે.

જોકે, સીમાંકન પંચે કુલ બેઠકોની સંખ્યા ૫૪૩ નક્કી કરી હતી. સરકારે સાંસદોને બંધારણ (૧૩૧મો સુધારો) બિલની નકલો વહેંચી છે.

### અમેરિકાની નાકાબંધી નિષ્ફળ

# Hormuz Straitમાં ઈરાનની મદદથી ચીની ટેન્કર સુરક્ષિત રીતે પસાર

## જહાજ પર વર્ષો પહેલા અમેરિકાએ પ્રતિબંધ મૂક્યો હતો, તેમ છતાં ચીનના આ મેથેનોલ ટેન્કર પર અમેરિકા હુમલો કરી શક્યું નથી

નવી દિલ્હી,તા.૧૪

હોર્મુઝ જળમાર્ગમાં અમેરિકાની નાકાબંધી ૨૪ કલાકની અંદર જ નિષ્ફળ સાબિત થઈ છે. હકીકતમાં, ઈરાનની પરવાનગી લઈને આ સાંકડા માર્ગેથી ચીનનું એક માલવાહક જહાજ આરામથી પસાર થઈ ગયું. ચીની જહાજને અમેરિકા રોકી શક્યું નહીં. રસપ્રદ વાત એ છે કે આ જહાજ પર વર્ષો પહેલા અમેરિકાએ પ્રતિબંધ મૂક્યો હતો, તેમ છતાં ચીનના આ મેથેનોલ ટેક્કર પર અમેરિકા હુમલો કરી શક્યું નથી. સોમવારે (૧૩ એપ્રિલ) ચીની ટેક્કર 'રિચ સ્ટારી' કેશમ ટાપુ પાસેથી પસાર થઈને હોર્મુઝ પહોંચ્યું હતું. પહેલા જહાજને થોડા સમય માટે કેશમ પાસે રોકવામાં આવ્યું હતું, ત્યારબાદ તેને આરામથી હોર્મુઝના રસ્તે રવાના કરવામાં આવ્યું. મંગળવારે સવારે આ ટેક્કર ઓમાનની ખાડીમાં જોવા મળ્યું હતું, એ જ વિસ્તારમાં જ્યાં અમેરિકાએ તેના સૈન્ય કાફલા સાથે નાકાબંધીની જાહેરાત કરી છે. આ ટેક્કર પર્સિયન ખાડીથી પહેલા હોર્મુઝ પાસે આવ્યું હતું. પ્રથમ પ્રયાસમાં તે હોર્મુઝ ઓળંગવામાં નિષ્ફળ રહ્યું, પરંતુ બીજા પ્રયાસમાં તે સફળતાપૂર્વક પસાર થઈ ગયું. તે ચીનના બંદર તરફ જઈ રહ્યું છે. અગાઉ ચીનના સંરક્ષણ મંત્રી એડમિરલ ડોંગ જૂને અમેરિકાને હોર્મુઝના મામલે ચેતવણી આપી હતી કે અમેરિકા અમારા મામલામાં દખલ ન કરે, નહીં તો પરિણામ ખરાબ આવશે.અમેરિકન સેન્ટકોમનું કહેવું છે કે તેણે અરબી સમુદ્ર અને ઓમાનની ખાડીમાં યુદ્ધ જહાજો તૈનાત કર્યા છે. અમેરિકન સૈનિકો હોર્મુઝમાંથી પસાર થતા કોઈપણ જહાજ પર હુમલો કરશે. અમેરિકાએ ઈરાન પર દબાણ લાવવા માટે હોર્મુઝની બહાર જહાજો તૈનાત કર્યા છે.વાઈસ પ્રેસિડેન્ટ જેડી વાન્સના જણાવ્યા અનુસાર આ એક સફળ યોજના છે. તેના દ્વારા ઈરાન વાટાઘાટોના ટેબલ પર આવશે. તે પરમાણુ હથિયાર નહીં બનાવવાની જાહેરાત કરશે. અમે ઈરાનને આર્થિક નુકસાન પહોંચાડવા માંગીએ છીએ.

### કર્મચારીઓ અનુભવી રહ્યા છે અસમાનતા

# નોઈડાના ફેઝ ૨ વિસ્તારમાં વેતનને લઈને કામદારો દ્વારા હિંસક વિરોધ

## હિંસક વિરોધ અને તોડફોડ બાદ, ઉત્તર પ્રદેશ સરકારે ગઈકાલે મોડી રાત્રે લઘુત્તમ વેતનમાં વધારો કર્યો. આમ છતાં, ખાનગી કર્મચારીઓ અસંતુષ્ટ છે

નવી દિલ્હી,તા.૧૪


ખાનગી કંપનીઓના કર્મચારીઓ મંગળવારે પણ નોઈડામાં તેમની માંગણીઓ પર વિરોધ પ્રદર્શન ચાલુ રાખતા રહ્યા. પોલીસ અધિકારીઓ સાથે ઘર્ષણ થયું, જેના કારણે પોલીસે હળવો બળપ્રયોગ કર્યો. સોમવારે હિંસક વિરોધ અને તોડફોડ બાદ, ઉત્તર પ્રદેશ સરકારે ગઈકાલે મોડી રાત્રે લઘુત્તમ વેતનમાં વધારો કર્યો. આમ છતાં, ખાનગી કર્મચારીઓ અસંતુષ્ટ છે.

કર્મચારીઓની માંગ છે કે ૧૧,૦૦૦ રૂપિયા અપૂરતા છે. લઘુત્તમ વેતન ૨૦,૦૦૦ રૂપિયાથી ઓછું ન હોવું જોઈએ, કારણ કે ૨૦,૦૦૦ રૂપિયાથી ઓછા પગારથી પોતાનું અને પોતાના પરિવારનું ગુજરાન ચલાવવું મુશ્કેલ છે. નોઈડાના ફેઝ ૨ માં કામદારોના વિરોધનો એક વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં તેઓ "૧૧,૦૦૦ રૂપિયા અપૂરતા છે, અને ૨૦,૦૦૦ રૂપિયાથી ઓછું પૂરતું નથી" ના નારા લગાવી રહ્યા છે. એ નોંધવું જોઈએ કે ઉત્તર પ્રદેશ સરકારે ૧ એપ્રિલ, ૨૦૨૬ થી અમલમાં આવનાર વેતન વધારાનો આદેશ આપ્યો હતો. વિવિધ શ્રેણીઓમાં મહત્તમ વધારો આશરે ૩,૦૦૦ રૂપિયા છે. આ તાત્કાલિક નિર્ણય છે; વ્યાપક સમીક્ષા પછી, વેતન બોર્ડ દ્વારા કાયમી ઉકેલ શરૂ કરવામાં આવશે.ખાનગી કર્મચારીઓ કહે છે કે વધતી જતી ફુગાવા અને જીવનનિર્વાહના ખર્ચને કારણે વર્તમાન પગાર પર ટકી રહેવું મુશ્કેલ બન્યું છે. તેમનો દાવો છે કે અન્ય ઔદ્યોગિક એકમો સમાન કામ માટે વધુ પગાર ચૂકવી રહ્યા છે, જેના કારણે તેઓ અસમાનતા અનુભવી રહ્યા છે. દરમિયાન, કેટલાક મજૂર સંગઠનોએ પણ કર્મચારીઓના સમર્થનમાં અવાજ ઉઠાવ્યો છે અને વાજબી વેતન નિર્ધારણની માંગ કરી છે.જોકે, ફેક્ટરી મેનેજમેન્ટ કહે છે કે આટલો અચાનક, મોટો વેતન વધારો શક્ય નથી, કારણ કે તે ઉત્પાદન ખર્ચ પર સીધી અસર કરશે. મેનેજમેન્ટે સંકેત આપ્યો છે કે તેઓ કર્મચારીઓ સાથે વાટાઘાટો કરવા તૈયાર છે, પરંતુ કોઈપણ નિર્ણય માટે સમયની જરૂર પડશે.આ વિવાદથી ઘણી ફેક્ટરીઓમાં ઉત્પાદન બંધ થઈ ગયું છે, જેના કારણે પુરવઠા પર અસર થવાની શક્યતા છે. સ્થાનિક વહીવટીતંત્ર અને શ્રમ વિભાગે આ બાબતને ગંભીરતાથી લીધી છે અને ઉકેલ શોધવા માટે બંને પક્ષો સાથે વાતચીત શરૂ કરી છે. જોકે, આ વિવાદ હજુ પણ વણઉકેલાયેલો છે.નોઈડામાં સોમવારે થયેલી હિંસાના સંદર્ભમાં અત્યાર સુધીમાં ૩૫૦ લોકોની ધરપકડ કરવામાં આવી છે. ધરપકડ કરાયેલા લોકોને જેલમાં મોકલી દેવામાં આવ્યા છે. વિરોધ પ્રદર્શનમાં સામેલ ઘણા લોકોની અટકાયત કરવામાં આવી રહી છે અને પૂછપરછ કરવામાં આવી રહી છે. સીસીટીવી ફૂટેજ દ્વારા અન્ય તોફાનીઓની ઓળખ કરવામાં આવી રહી છે.નોઈડાના સેક્ટર ૬૩ માં હજુ પણ આગચંપીનાં નિશાન દેખાય છે. સળગેલી કાર અને તૂટેલી ફેક્ટરીની બારીઓ રસ્તાના કિનારે પડેલી છે. એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે લોકો બપોરે ૧ વાગ્યાની આસપાસ આવ્યા, બહાર સીસીટીવી તોડી નાખ્યા અને પછી અંદર કૂદી પડ્યા. ૪૦૦ થી ૫૦૦ લોકોનો ટોળો હતો. બધાએ દરવાજા અંદરથી બંધ કરી દીધા અને તોડફોડ શરૂ કરી.

### હોર્મુઝમાં તણાવ વચ્ચે ભારત એક્શનમાં

# ભારતીય વિદેશ મંત્રી એસ. જયશંકરે ઈઝરાયલના વિદેશ મંત્રી સાથે ફોન પર વાતચીત કરી

## આ અંગેની માહિતી ઈઝરાયલના વિદેશ મંત્રીએ પણ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પોસ્ટ કરી છે



નવી દિલ્હી,તા.૧૪

મધ્ય પૂર્વ મુદ્દે મોટા સમાચાર આવી રહ્યા છે. ભારતીય વિદેશ મંત્રી એસ. જયશંકરે ઈઝરાયલના વિદેશ મંત્રી સાથે ફોન પર વાતચીત કરી છે. જયશંકરે સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા જાણકારી આપી કે આજે મંગળવારે બપોરે ઈઝરાયલના વિદેશ મંત્રી સાથે ફોન પર વાત થઈ, જેમાં પશ્ચિમ એશિયાની વર્તમાન સ્થિતિને લઈને અનેક પાસાઓ પર ચર્ચા કરવામાં આવી. બંને વચ્ચે પશ્ચિમ એશિયાની બગડતી સ્થિતિ, ખાસ કરીને ઈરાન, લેબનોન અને હોર્મુઝ સ્ટ્રેટમાં સુરક્ષાના પડકારો પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. આ અંગેની માહિતી ઈઝરાયલના વિદેશ મંત્રીએ પણ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પોસ્ટ કરી છે.ઈઝરાયલના વિદેશ પ્રધાન ગિદિયોન સા'ર કહ્યું કે આંતરરાષ્ટ્રીય સમુદાયની સુરક્ષા માટે ઈરાનને પરમાણુ હથિયાર મેળવતા રોકવું અનિવાર્ય છે. 'ભારતના વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર સાથે હંમેશની જેમ સુખદ વાતચીત થઈ. અમે ઈરાન, હોર્મુઝ સ્ટ્રેટ અને લેબનોન પર ચર્ચા કરી. મેં કહ્યું કે ઈરાનને પરમાણુ હથિયાર મેળવતા રોકવા માટેની શરતો (ઈરાનમાં સંવર્ધન પર પ્રતિબંધ, સંવર્ધિત સામગ્રીને હટાવવી) પર વાતચીતમાં અમેરિકાનું સ્પષ્ટ વલણ સમગ્ર આંતરરાષ્ટ્રીય સમુદાય માટે જરૂરી છે.' ગિદિયોન સા'રે જણાવ્યું કે, ઈરાન તરફથી જહાજ પરિવહનની સ્વતંત્રતામાં ઊભા કરવામાં આવી રહેલા અવરોધો વૈશ્વિક અર્થતંત્રને મોટું નુકસાન પહોંચાડી રહ્યા છે. હવે એવી નિર્ણાયક કાર્યવાહીની જરૂર છે,

જેનાથી ભારત અને ખાડી દેશો સહિત તમામ રાષ્ટ્રોના વેપારી જહાજો સુરક્ષિત રીતે અવરજવર કરી શકે. તેમણે લેબનોનની સ્થિતિ પર પણ પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.આ પહેલા વિદેશ મંત્રી એસ. જયશંકરે ઈરાની બંદરો પર અમેરિકન નાકાબંધી પ્રભાવી હોવા વચ્ચે સોમવારે કુવૈત અને સિંગાપોરના પોતાના સમકક્ષો સાથે વાત કરીને પશ્ચિમ એશિયા સંકટ પર ચર્ચા કરી હતી. કુવૈતના વિદેશ મંત્રી શેખ જર્રાહ જાબેર અલ-અહમદ અલ-સબા સાથેની વાતચીત દરમિયાન જયશંકરે ત્યાં રહેતા ભારતીયોની સુરક્ષા અંગે પણ વાત કરી હતી.ઉલ્લેખનીય છે કે અમેરિકાએ જાહેરાત કરી હતી કે તે સોમવારે પૂર્વીય સમય મુજબ સવારે ૧૦ વાગ્યે અથવા ઈરાનના સ્થાનિક સમય મુજબ સાંજે ૫:૩૦ વાગ્યાથી ઈરાની બંદરોની નાકાબંધી શરૂ કરશે. 'યુએસ સેન્ટ્રલ કમાન્ડ' (સેન્ટકોમ)એ જણાવ્યું હતું કે આ નાકાબંધી તમામ દેશોના એવા જહાજો સામે નિષ્પક્ષ રીતે લાગુ કરવામાં આવશે જે ઈરાનના બંદરો અને દરિયાકાંઠાના વિસ્તારોમાં પ્રવેશી રહ્યા છે અથવા ત્યાંથી બહાર જઈ રહ્યા છે. જો કે સેન્ટકોમે સ્પષ્ટ કર્યું કે જે જહાજો બિન-ઈરાની બંદરો વચ્ચે મુસાફરી કરી રહ્યા છે તેમને હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થવાની મંજૂરી આપવામાં આવશે. રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું-'નાકાબંધીને તોડવાની કોશિશ કોઈ જહાજ કરશે તો તેને ઉડાવી દઈશું, જેવી રીતે અમે ડ્રગ્સ તસ્કરોના જહાજને નષ્ટ કરી દઈએ છીએ તેવી જ રીતે'

# અમેરિકાએ અરબ સાગરમાં ઉતાર્યા જંગી જહાજો, ઓઈલ અંગે ચિંતા વધી

નવી દિલ્હી,તા.૧૪

ઈસ્લામાબાદમાં થયેલી શાંતિ વાટાઘાટો નિષ્ફળ રહ્યા બાદ હવે અમેરિકાએ ઈરાન વિરુદ્ધ 'ઓપરેશન બ્લોકેડ' શરૂ કરી દીધું છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના આદેશથી અરબ સાગર અને હોર્મુઝની ખાડીમાં અમેરિકી નૌકાદળના ૧૫થી વધુ વિધ્વંસક જહાજો તૈનાત કરવામાં આવ્યા છે. આ નાકાબંધીમાં અમેરિકાના અત્યાધુનિક સ્ટીલ્થ ફાઈટર જેટ્સ હ્વ-૩૫મ્ આકાશમાંથી ઈરાની ગતિવિધિઓ પર નજર રાખી રહ્યા છે.અમેરિકન સેન્ટ્રલ કમાન્ડના જણાવ્યા અનુસાર, USS ત્રિપોલી (LHA ૭) ને ખાસ કરીને હવાઈ હુમલા અને નાકાબંધી માટે અરબ સાગરમાં ઉતારવામાં આવ્યું છે. આ જહાજ પરથી ૨૦થી વધુ F-35B જેટ્સ ઉડાન ભરી શકે છે. અમેરિકાએ સ્પષ્ટ કર્યું છે કે તેઓ માત્ર ઈરાનના બંદરો સાથે જોડાયેલા જહાજોને જ રોકશે, જ્યારે અન્ય દેશોના જહાજો માટે હોર્મુઝનો રસ્તો ખુલ્લો રહેશે.ટ્રમ્પે સોશિયલ મીડિયા પર ઈરાની નેવીની મજાક ઉડાવતા લખ્યું કે, ઈરાનની નેવીના ૧૫૮ જહાજો પહેલેથી જ નષ્ટ થઈ ચૂક્યા છે. જો ઈરાનની નાની ફાસ્ટ એટેક બોટ પણ અમારા જહાજોની નજીક આવવાની હિંમત કરશે, તો અમે તેમને ડ્રગ માફિયાઓની જેમ જડમૂળથી ખતમ કરી દઈશું. ટ્રમ્પના આ નિવેદનથી સ્પષ્ટ છે કે અમેરિકા હવે આરપારના મૂડમાં છે. પાકિસ્તાનના ઈસ્લામાબાદમાં થયેલી અમેરિકા-ઈરાન વચ્ચેની મંત્રણા કોઈ પરિણામ વગર પૂરી થઈ છે, જેને કારણે તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે.ઈરાનની સેનાએ ધમકી આપી છે કે જો તેમના તેલ નિકાસ કે બંદરોને નુકસાન થશે, તો તેઓ અરબ સાગર અને ઓમાનની ખાડીમાં કોઈપણ દેશના બંદરોને સુરક્ષિત રહેવા દેશે નહીં.

# ભક્તોને દર્શન આપવા અમરનાથ પ્રગટ થયાં

અમરનાથ,તા.૧૪

પવિત્ર અમરનાથ યાત્રા ૨૦૨૬ ની સત્તાવાર શરૂઆતને હજુ વાર છે, પરંતુ પવિત્ર ગુફામાંથી બાબા બરફાનીની પ્રથમ તસવીર સામે આવતા જ શ્રદ્ધાળુઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ વખતે બરફથી બનેલું શિવલિંગ અત્યંત ભવ્ય અને પૂર્ણ આકારમાં જોવા મળ્યું છે, જેને ભક્તો અત્યંત શુભ સંકેત માની રહ્યા છે.વર્ષ ૨૦૨૬ માં અમરનાથ યાત્રાનો પ્રારંભ અને અંતની તારીખો જાહેર થઈ ચૂકી છે. ૩ જુલાઈ ૨૦૨૬ થી યાત્રાનો પ્રારંભ થશે. ૨૮ ઓગસ્ટ ૨૦૨૬ (રક્ષાબંધનના દિવસે) ના દિવસે યાત્રાની પુર્ણ થશે. આ પવિત્ર યાત્રા કુલ ૫૭ દિવસ સુધી ચાલશે.યાત્રામાં જોડાવા ઈચ્છતા શ્રદ્ધાળુઓ માટે રજીસ્ટ્રેશન એટલે કે નોંધણીની પ્રક્રિયા ૧૫ એપ્રિલ ૨૦૨૬ થી શરૂ કરવામાં આવશે. ભક્તો વિવિધ માધ્યમોથી રજીસ્ટ્રેશન કરાવી શકશે. શ્રી અમરનાથજી શ્રાઈન બોર્ડની સત્તાવાર વેબસાઈટ દ્વારા. પંજાબ નેશનલ બેંક (PNB), SBI અને જમ્મુ-કાશ્મીર બેંકની નિયુક્ત શાખાઓ દ્વારા.માન્યતા છે કે, આ પવિત્ર ગુફામાં ભગવાન શિવે માતા પાર્વતીને અમરત્વનું રહસ્ય સંભળાવ્યું હતું, તેથી જ આ સ્થાનનું નામ અમરનાથ પડ્યું છે. અહીં બરફનું શિવલિંગ કુદરતી રીતે બને છે અને તે ચંદ્રના કદ મુજબ વધ-ઘટ થાય છે, જે વિજ્ઞાન અને આસ્થાનો અનોખો સંગમ છે. શ્રદ્ધાળુઓ માને છે કે અહીં દર્શન કરવાથી તમામ પાપોનો નાશ થાય છે અને મોક્ષની પ્રાપ્તિ થાય છે.

અમરનાથ યાત્રા ભૌગોલિક દૃષ્ટિએ અત્યંત કઠિન માનવામાં આવે છે. પહાડી રસ્તાઓ, કાતિલ ઠંડી અને ઓક્સિજનની અછત છતાં દર વર્ષે લાખો ભક્તો બાબા બરફાનીના દર્શને પહોંચે છે. શ્રાઈન બોર્ડ અને વહીવટીતંત્ર દ્વારા યાત્રિકો માટે મેડિકલ સુવિધાઓ અને સુરક્ષાની ચુસ્ત વ્યવસ્થા કરવામાં આવે છે.

### ઈરાન-US ડીલ અટવાઈ

# અમેરિકા ૨૦ વર્ષ માટે પરમાણુ કાર્યક્રમ રોકવા મક્કમ

## ઐતિહાસિક બેઠકમાં ઇરાને અમેરિકાની શરતો માનવાનો ઇનકાર કરી દેતા વાટાઘાટો હાલ પૂરતી અટકાવી દેવામાં આવી છે

નવી દિલ્હી,તા.૧૪

વૈશ્વિક રાજકારણમાં જેની આતુરતાથી રાહ જોવાઈ રહી હતી તેવી અમેરિકા અને ઈરાન વચ્ચેની શાંતિ વાર્તાના પ્રથમ દિવસે જ નિરાશા હાથ લાગી છે. ઈસ્લામાબાદમાં મળેલી આ ઐતિહાસિક બેઠકમાં ઈરાને અમેરિકાની શરતો માનવાનો ઈનકાર કરી દેતા વાટાઘાટો હાલ પૂરતી અટકાવી દેવામાં આવી છે.

આ વાટાઘાટો નિષ્ફળ જવાનું સૌથી મોટું કારણ ઈરાનનો પરમાણુ એનરિચમેન્ટ પ્રોગ્રામ છે. અમેરિકા ઈચ્છતું હતું કે ઈરાન તેના પરમાણુ પ્રોગ્રામને આગામી ૨૦ વર્ષ માટે સંપૂર્ણપણે ફ્રીઝ (સ્થગિત) કરી દે. ઈરાન માત્ર ૫ વર્ષ માટે જ આ પ્રોગ્રામ રોકવાની ડીલ ઓફર કરી રહ્યું હતું. અહેવાલો અનુસાર હવે બંને પક્ષો સાડા બાર વર્ષ ની મર્યાદા પર સહમતિ સાધવા પ્રયાસ કરી રહ્યા છે, પરંતુ હજુ સત્તાવાર કોઈ જાહેરાત થઈ નથી.

અત્યાર સુધી અમેરિકા એવા કડક વલણ પર હતું કે, ઈરાન ઘરેલું સ્તરે એનરિચમેન્ટ કરી જ ન શકે, કારણ કે તેનાથી પરમાણુ હથિયારો બનાવવાનો માર્ગ મોકળો થાય છે. જોકે, આ બેઠકમાં અમેરિકા આ મુદ્દે થોડું નરમ પડ્યું હોય તેમ જણાય છે, પરંતુ સમયગાળા મુદ્દે હજુ પણ મામવો ફસાયેલો છે.

આ શાંતિ વાર્તા ઈસ્લામાબાદની લક્ઝરી સેરેના હોટલમાં યોજાઈ હતી, જ્યાં સુરક્ષા અને ગોપનીયતાના અત્યંત કડક નિયમો હતા. હોટલના બે અલગ-અલગ વિંગમાં બંને દેશોના અધિકારીઓ રોકાયા હતા. પાકિસ્તાની મધ્યસ્થીઓ સાથેની ટ્રાઈલેટરલ (ત્રિપક્ષીય) મીટિંગ માટે કોમન એરિયાનો ઉપયોગ થયો હતો. મીટિંગ રૂમમાં કોઈને પણ ફોન લઈ જવાની મંજૂરી આપવામાં આવી ન હતી.

અમેરિકી પ્રતિનિધિ જે.ડી વેન્સે જાહેરાત કરી છે કે, ઈરાન શરતો ન માનતું હોવાથી વાર્તા સ્થગિત કરવામાં આવે છે. જોકે, બીજી તરફ કેટલાક ઉચ્ચ અધિકારીઓ અને વોલ સ્ટ્રીટ જર્નલના રિપોર્ટ્સ દાવો કરે છે કે પડદા પાછળ હજુ પણ વાતચીત ચાલુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ૧૯૭૯ની ઈસ્લામિક ક્રાંતિ પછી આ બંને દેશો વચ્ચેની આ સૌથી મોટી શાંતિ મંત્રણા માનવામાં આવે છે. જો આ વાટાઘાટો સંપૂર્ણપણે નિષ્ફળ જશે, તો મધ્ય પૂર્વમાં તણાવ ફરી વધી શકે છે.

### RJD અને JDUમાં પણ કામ કરી ચૂક્યા છે

# બિહારના મુખ્યમંત્રી તરીકે ભાજપ નેતા સમ્રાટ ચૌધરીનું નામ જાહેર

## વર્ષ ૨૦૧૮માં સમ્રાટ ચૌધરી ભાજપમાં જોડાયા અને આજે પ્રદેશ ભાજપમાં પ્રથમ હરોળના સ્થાન પર બિરાજમાન છે

બિહાર,તા.૧૪

બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમાર રાજ્યસભાના સાંસદ બન્યા બાદ તેમણે આજે મંગળવારે બિહારના મુખ્યમંત્રી પદેથી સ્વૈછિક રાજીનામું આપી દીધું છે. જે બાદ બિહારમાં નવી સરકાર રચવા કેન્દ્રીયમંત્રી પર્યવેશન શિવરાજસિંહના નેતૃત્વ હેઠળ બિહાર ભાજપના ધારાસભ્ય દળની બેઠળ મળી,

જેમાં બિહારના નવા મુખ્યમંત્રી તરીકે સમ્રાટ ચૌધરીના નામ પર મહોર મારવામાં આવી. સમ્રાટ ચૌધરી ભલે અલગ-અલગ પક્ષોમાંથી પસાર થઈને ભાજપમાં આવ્યા હોય, પરંતુ તેમને રાજકીય સફળતા અને નામના ભાજપમાં મળી. સમ્રાટ ચૌધરી પોતાના પિતાના માર્ગદર્શન હેઠળ રાજકારણમાં આવ્યા હતા.

તેમણે સમતા પાર્ટીથી પોતાની સફર શરૂ કરી અને ત્યારબાદ ઈન્ક્ઢમાં જોડાયા. RJDમાં તેઓ મંત્રી બન્યા, ઈન્ક્ઢમાં રહ્યા બાદ, તેઓ ૨૦૧૪માં JDU માં જોડાયા અને જીતન રામ માંઝીની સરકારમાં મંત્રી (શહેરી વિકાસ અને આવાસ વિભાગ) બન્યા.

વર્ષ ૨૦૧૮માં સમ્રાટ ચૌધરી ભાજપમાં જોડાયા અને આજે પ્રદેશ ભાજપમાં પ્રથમ હરોળના સ્થાન પર બિરાજમાન છે. ૨૦૧૯માં જ્યારે નિત્યાનંદ રાય પ્રદેશ અધ્યક્ષ હતા, ત્યારે સમ્રાટ ચૌધરીને ઉપાધ્યક્ષ બનાવવામાં આવ્યા હતા. ૨૦૨૦માં તેઓ ભાજપ તરફથી વિધાન પરિષદમાં પહોંચ્યા. ઓગસ્ટ ૨૦૨૨માં જ્યારે નીતીશ કુમારે ભાજપ સાથેનો છેડો ફાડીને ઈન્ક્ઢ સાથે મહાગઠબંધન સરકાર બનાવી, ત્યારે સમ્રાટ ચૌધરીને ખરી રાજકીય ઓળખ મળી. તેઓ વિધાન પરિષદમાં વિપક્ષના નેતા બન્યા. વર્ષ ૨૦૨૩માં સમ્રાટ ચૌધરી ભાજપના પ્રદેશ અધ્યક્ષ બન્યા અને ત્યારબાદ જ્યારે નીતીશ કુમારે ફરીથી દ્વઢછમાં વાપસી કરી, ત્યારે તેમને નાયબ મુખ્યમંત્રીની ખુરશી સોંપવામાં આવી. એટલું જ નહીં, ૨૦૨૫ની વિધાનસભા ચૂંટણીમાં વિપક્ષના નિશાના પર સૌથી વધુ સમ્રાટ ચૌધરી રહ્યા હતા, જેનું પરિણામ એ આવ્યું કે NDAની વાપસી થતા તેમને ફરીથી નાયબ મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા હતા.

સમ્રાટ ચૌધરી ૧૫ એપ્રિલ ૨૦૨૬, બુધવારના રોજ સવારે ૧૧ વાગ્યે મુખ્યમંત્રી તરીકે શપથ લેશે. ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૨૫ બિહાર વિધાનસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ ૧૦૧ બેઠકમાથીં ૮૯ બેઠક જીતી હતી. ભાજપ સૌથી મોટી પાર્ટી તરીકે ઊભરી આવી હતી અને આટલી પ્રચંડ બેઠક અપાવવામાં સમ્રાટ ચૌધરીએ ખૂબ મહત્વનો રોલ ભજવ્યો હતો.

નીતિશ કુમારે આજે રાજ્યપાલને મળીને બિહારના મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યું છે. આજે તેમણે રાજીનામું આપતા પહેલા પોતાના કાર્યકાળની અંતિમ કેબિનેટ બેઠક યોજી હતી જેમાં તેઓ ભાવુક પણ થઈ ગયા હતા. તેમણે વર્ષ ૨૦૦૫થી અત્યાર સુધી બિહારના વિકાસ માટે કરેલા કાર્યોનો ઉલ્લેખ કરતા કહ્યું કે, જ્યારથી હું સત્તામાં આવ્યો ત્યારથી અત્યાર સુધી મારાથી જ્યાં સુધી થઈ શક્યું ત્યાં સુધી મેં બિહાર માટે કર્યું છે.

આ દરમિયાન બેઠકમાં હાજર રહેલા અન્ય મંત્રીઓની આંખો પણ ભીની થઈ ગઈ હતી. નીતીશ કુમારે નવી બનનારી સરકારને પણ પોતાની શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે ખાતરી આપી હતી કે નવી સરકારને જ્યારે પણ જરૂર પડશે ત્યારે તેમનું માર્ગદર્શન મળતું રહેશે. તેમણે આશા વ્યક્ત કરી હતી કે બિહારમાં વિકાસની યોજનાઓ અટકવી જોઈએ નહીં અને રાજ્ય પ્રગતિના પથ પર આગળ વધતું રહેવું જોઈએ.

# અમરેલીમાં ડો. બાબાસાહેબ આંબેડકર જયંતી નિમિત્તે રાજકીય આગેવાનો દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરી









આજ રોજ અમરેલી ખાતે ભારતના મહાન સંવિધાન નિર્માતા ડો. બાબાસાહેબ આંબેડકરની જયંતી નિમિત્તે ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેમની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરી ભાવભીની શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી. કાર્યક્રમમાં મંત્રી, ધારાસભ્ય તથા સાંસદ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે બાબા સાહેબના વિચારોને યાદ કર્યા હતા. ઉપસ્થિત મહાનુભાવો દ્વારા જણાવાયું હતું કે બાબા સાહેબે આપેલા સમાનતા, ન્યાય અને બંધારણીય મૂલ્યો આજે પણ સમાજ માટે માર્ગદર્શક છે. તેમણે પોતાના સંબોધનમાં જણાવ્યું કે ડો. આંબેડકરના વિચારો આપણને સમાજમાં સમરસતા, એકતા અને પ્રગતિ તરફ આગળ વધવા પ્રેરણા આપે છે. તેમના જીવન સંઘર્ષ અને કાર્યશૈલી દરેક માટે પ્રેરણાસ્ત્રોત છે. આ પ્રસંગે મોટી સંખ્યામાં સ્થાનિક લોકો, યુવાનો અને સમાજના આગેવાનો હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન બાબા સાહેબના વિચારોથી પ્રેરિત સંદેશો ગુંજતા રહ્યા હતા, જેના કારણે વાતાવરણ ભાવનાત્મક અને પ્રેરણાદાયક બન્યું હતું.

અર્પણ કરીનેસૌ કોઈએ નતમસ્તકવંદન કર્યા હતા.

વિશાળ યાત્રાનું ફુલારા ચોક ખાતે મુસ્લીમ બિરાદરો ધ્વારા તથા ટાવર ચોક ખાતે વેપારી અગ્રણીઓ, રઘુવંશી સમાજ ધ્વારા સ્વાગત કરાયુ ને ડો. બાબાસાહેબને પુષ્પાંજલિ અર્પણ કરાઈ તો બસપોર્ટ વિસ્તારમાં છાશ, ઠંડાપીણા સહિતનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.

### અમરેલી

આજરોજ અમરેલી જિલ્લા હોમગાર્ડ અમરેલી યુનિટ ખાતે જિલ્લા કમાન્ડર રોહિત મહેતાની સુચના મુજબ યુનિટ અધિકારી/સ્ટાફ ઓફિસર સુરેશભાઈ શેખવાનાં માર્ગદર્શન મુજબ મારવાડી, પિલુકયા તમામ એન.સી.ઓ. તમામ હોમગાર્ડઝ સભ્યોએ ભારતના મહાન સંવિધાન રચયિતા ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૩૫મી જન્મજયંતી નિમિત્તે ભાવેભર ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે જિલ્લા કમાન્ડન્ટ રોહિત મહેતા તથા હોમગાર્ડ યુનિટના તમામ સભ્યો ધ્વારા બાબાસાહેબની પ્રતિમાને પુષ્પહાર અર્પણ કરેલ.

કાર્યક્રમ દરમિયાન ડો. બાબાસાહેબના જીવનચરિત્ર અને તેમના સમાજ સુધારણા માટેના યોગદાનને યાદ કરવામાં આવ્યા હતા. ઉપસ્થિત વકતાઓએ જણાવ્યું હતું કે, ડો. બાબાસાહેબે સમાજના પીડિત અને વંચિત વર્ગોને સમાન અધિકાર અપાવવા માટે જે સંઘર્ષ કર્યો તે આજના યુગમાં પણ પ્રેરણારૂપ છે.

આ કાર્યક્રમમાં સ્થાનિક આગેવાનો કે.કે. વાળા, જે.પી. પડાયા, ચાવડા વગેરે સમાજના અગ્રણીઓ અને યુવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. તેમ જી.એચ. જવારની યાદીમાં જણાવેલ છે.

### બાબરા

બાબરામાં આજે ડો. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરની જન્મજયંતીની ભવ્ય ઉજવણી પાલિકા પૂર્વ પ્રમુખ ખીમજીભાઈ મારૂના વડપણ હેઠળ ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં સમાજના અગ્રણીઓ અને લોકો ઉપસ્થિત રહી અહીં કરીયાણા રોડ પર આવેલ ડો. બાબાસાહેબની પ્રતિમાને ફુલહાર કરી વંદન કર્યા હતા તેમજ ડો. ભીમરાવ આંબેડકરના કાર્યોને યાદ કરી જય ઘોષ કરવામાં આવ્યો હતો.

આ તકે પાલિકા પૂર્વ પ્રમુખ ખીમજીભાઈ મારૂ દ્વારા જણાવ્યું હતુ કે તેઓ પાલિકા કાર્યકાળ દરમિયાન ૨૦૧૬માં ડો. બાબા સાહેબની પ્રતિમા અહીં મૂકી તેનું અનાવરણ કરી સર્કલ

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી જિલ્લામાં ડો. બાબાસાહેબની

બનાવવામાં આવ્યું છે આજે દરેક લોકો ડો. બાબાસાહેબને યાદ કરે છે.

આ તકે બાબરા તાલુકા અનુ.જાતિ સામુ.ખેતી સહકારી મંડળ ીના પ્રમુખ, પાલિકા પૂર્વ પ્રમુખ ખીમજીભાઈ મારૂ તથા કે.એમ. સોલંકી (એડવોકેટ), મહેશભાઈ ચુડાસમા (શિક્ષક), ભીખાભાઈ મારૂ, દુદાભાઈ મારૂ, કાનજીભાઈ મારૂ, ડાયાભાઈ ખીમસુરીયા, ખોડાભાઈ સોલંકી, બાબુભાઈ મહીડા, જયંતીભાઈ સોલંકી, ભરતભાઈ બથવાર, રાજેશભાઈ મારૂ, નરેશભાઈ ખીમસુરીયા, ભરતભાઈ મારૂ, વિજયભાઈ ચૌહાણ, ભલાભાઈ રાઠોડ, હમીરભાઈ સોંદરવા, મણીલાલ ખુમાણ, મંગાભાઈ ચાચીયા, અજાભાઈ મારૂ, મહેશભાઈ રાઠોડ, વશરામભાઈ મારૂ, કાનજીભાઈ સોલંકી, મયુરભાઈ મારૂ, મનુભાઈ બારોટ, જયસુખભાઈ ધમળ, પ્રાગજીભાઈ શેખા, કેશુભાઈ રાઠોડ, ભુપતભાઈ કાળા, કિશોરભાઈ ગોહિલ, કેશુબાપુ, સામંતભાઈ ખીમસુરીયા, દેવશીભાઈ ચૌહાણ, સંજયભાઈ સાગઠીયા, ધમેશભાઈ મારૂ, અનીલભાઈ સોલંકી, રાહુલભાઈ મારૂ, યુનીકભાઈ મારૂ, હિતેશભાઈ મારૂ, ઉમેશ રાઠોડ, જીગ્નેશ મારૂ, રાજેશ ખુમાણ, ચેતન મારૂ, વિશાલ મારૂ, મૌલિક મારૂ સહિત સમાજના આગેવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

વડિયામા ભારતના બંધારણના ઘડવૈયા ડા. બાબાસાહેબ આંબેડકર ની ૧૩૫મી જન્મજયંતિ હર્ષ ઉલ્લાસ સાથે ઉજવણી વિશાળ શોભાયાત્રા સાથે બાબસાહેબ અમર રહો ના નારા ગુંજયા

### વડિયા

અમરેલી જિલ્લાના વડિયખાતે ભારતના બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૩૫મી જન્મજયંતિ નિમિત્તે ભવ્ય અને ઉમંગભેર ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં વડિયાના ડો. આંબેડકર ચોકથી શરૂ કરી શહેરના મુખ્ય માર્ગો પર વિશાળ શોભાયાત્રા નીકળતા સમગ્ર વિસ્તાર જયઘોષ અને ઉત્સાહથી ગુંજી ઉઠયો હતો. યુવાનો, વડીલો અને મહિલાઓ મોટી સંખ્યામાં જોડાતા સમગ્ર વાતાવરણ ઉત્સવમય બનતું જોવા મળ્યું હતુ. આ શોભાયાત્રામાં ચૂંટણી સમય હોવાથી ચૂંટણી લડતા નેતાઓ પણ જોડાઈ ડો. ભીમરાવ આંબેડકરને પુષ્પાંજલી અર્પણ કરતા જોવા મળ્યા હતા. તો લોકોએ પણ આ તમામ નેતાઓને આવકાર્યા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા વડિયા દલિત સમાજના અગ્રણીઓ અને યુવા કાર્યકરો દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી, જેના પરિણામે સમગ્ર આયોજન શાંતિપૂર્ણ અને સુવ્યવસ્થિત રીતેપૂર્ણ થયું હતું. સમગ્ર શોભાયાત્રામાં વડિયા પોલીસ દ્વારા પણ ચુસ્ત પોલીસ બંદોબસ્ત રાખી કોઈ અનિચ્છનીય ઘટના ના બંને તે માટે પૂરતી તકેદારી રાખવામાં આવી હતી.

### સાવરકુંડલા

આજરોજ ૧૪ એપ્રિલના રોજ ભારતીય બંધારણના શિલ્પી ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૩૫મી જન્મ જયંતિ નિમિત્તે સાવરકુંડલા શહેરમાં ભારે ઉત્સાહ અને ઉમંગનું વાતાવરણ જોવા મળ્યું હતું. વહેલી સવારથી જ દલિત સમાજ અને અન્ય સંગઠનો દ્વારા વિવિધ સેવાકીય અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

જન્મ જયંતિના પવિત્ર અવસરે શહેરના મુખ્ય માર્ગો પર એક વિશાળ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 'ડો. બાબાસાહેબ અમર રહો અને જયભીમ'ના નારાઓથી સમગ્ર શહેર ગુંજી ઉઠયું હતું. રેલીમાં જોડાયેલા લોકો માટે ઠંડા શરબત અને પાણીની સુંદર વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

નાવલી સ્થિત રિદ્ધિ-સિદ્ધિ ચોક ખાતે આવેલી ડો. આંબેડકરની પ્રતિમાને ફૂલહાર કરી ભાવવંદના કરવામાં આવી હતી. આ દિવસની વિશેષતા એ રહી કે હાથસણી રોડ ખાતે ડો. બાબાસાહેબની નવી પ્રતિમાનું ભવ્ય અનાવરણ કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત અગ્રણીઓએ બાબાસાહેબના અદ્વિતીય યોગદાનને યાદ કરી, તેમના બતાવેલા આદર્શો અને સમાનતાના માર્ગ પર ચાલવાનો દ્રઢ સંકલ્પ વ્યકત કર્યો હતો.

### લીલીયા

લીલીયા મોટા ખાતે સ્ટેશન રોડ પર આવેલ ડો. બાબાસાહેબ આંબેડકરજીની ૧૩૫ મી જન્મ જયંતીની ઉજવણીના ભાગરૂપે ડો. બાબાસાહેબના સ્ટેચ્યુ પર ફૂલહાર કરી બંધારણના ઘડવૈયા, મહા માનવ, ભારત રત્ન ડોકટર બાબાસાહેબ આંબેડકરજીની ૧૩૫ મી જન્મ જયંતીની ઉજવણી કરાઈ હતી. જેમાં ભાજપ પક્ષ દ્વારા જીગ્નેશ સાવજ, જયસુખ સુરાણી, વિપુલભાઈ દુધાત, ભીખાભાઈ ધોરાજીયા, ભનુભાઈ ડાભી, ગૌતમભાઈ વિંછીયા, હિતેષ પરમાર, ભીખાભાઈધારૈયા, કેપ્ટન ધામત, ઘનશ્યામ મેઘાણી, કાનજીભાઈ નાકરાણી, ભરતભાઈ બગડા, જીવરાજભાઈ પરમાર ઉપસ્થિત રહેલ તેમજ કોંગ્રેસ પક્ષના ખોડાભાઈ માલવિયા, નીતિનભાઈ ત્રિવેદી, બહાદુરભાઈ બેરા, વિજય કોગથીયા, શાંતિભાઈ વાઘેલા, રૂપેશ ભરવાડ, વિજય ભાલાળા સહિતના લોકો ઉપસ્થિત રહી સ્ટેચ્યુ પર ફૂલહાર કરી જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી હતી તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું નાગેશ્રી વિસ્તારમાં હથિયાર લઈ

ઈસમ શંકાસ્પદ હાલતમાં મળતાં આ ઈસમને ચેક કરતા તેના પેન્ટના નેફામાંથી એક છરી મળી આવેલ હોય અને તે કોઈ ગુન્હાને અંજામ આપે તે પહેલાં જ આ ઈસમ દ્વારા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ અમરેલીના જાહેરનામાના ભંગ કરવાં બાબતે મજકુર આરોપીને પકડી પાડી ધોરણસરની કાર્યવાહી કરી નાગેશ્રી પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું રૂપિયા ૨.૬ લાખની છેતરપીંડી

આપવાની લાલચ આપી અલગ-અલગ ઓનલાઈન ટ્રાન્જેકશન કરાવી રૂપિયા ૨,૦૬,૦૦૦નું ફ્રોડ કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

આ બનાવમાં અમરેલી જિલ્લાનાં લાઠી ગામે રહેતી કનીઝાબેન સોહીલભાઈ પોપટીયા નામની ૨૬ વર્ષીય પરિણીતાને કોઈ અજાણ્યા આરોપીએ અલગ-અલગ અજાણ્યા મોબાઈલ નંબરો ૪૪૭૩૬૭૦ ૭૦૯૩૩ તથા ૯૫૦૩૬૧૫૭૨૦ ઉપરથી તેણીનાં ફોનમાં વોટસએપ કોલ કરી અને તેણીને એપલનો મોબાઈલ ફોન તેમજ હીરાની વીંટી તેમજ સોનાનો નેકલેશ તેમજ ચોકલેટ મોકલી આપવાની લાલચ આપી ગત તા. ૨૬/૨ થી તા.૩/૩ સુધીમાં અલગ-અલગ ટ્રાન્જેકશન કરાવી રૂપિયા ૨,૦૬,૦૦૦નો ફ્રોડ કરી પરિણીતા સાથે છેતરપીંડી તથા વિશ્વાસઘાત કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## પાના ૮ ઉપરનું ચાલું આરોપીઓનું રીકન્ટ્રકશન કરાયુ

રત્ન કલાકાર તથા આરોપી વચ્ચે મન દુ:ખ થયેલ હોય જે મન દુ:ખને લઈ સનાળીયા ગામે આવેલ ખોડલ હોટલ ખાતે બોલા ચાલી થતા આરોપીએ રત્ન કલાકારને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપેલ હતી જે બાબતની જાણ આરોપીના ભાઈ સાગર ભીખાભાઈ મકવાણાને કરતા તેમણે રત્ન કલાકાર પાસે જઈ માર મારવાની ધમકી આપેલ હતી ત્યારબાદ થોડા સમય બાદ રત્નકલાકાર તથા મહેન્દ્રભાઈ ખોડલ હોટલ ખાતે બનાવ અંગે આરોપી સાથે સમાધાનની વાતચીત કરતા આરોપી ઉગ્ર થઈ રત્નકલાકાર તથા મહેન્દ્રભાઈ સાથે ઝપાઝપી કરી હતી અન્ય આરોપી ત્રણ મળી પાંચ આરોપીઓએ મન દુ:ખ રાખી એક સંપ કરી જાનથી મારી નાખવાનું ગુનાહિત કાવતરૂં રચી કુહાડી, લોખંડના પાઈપ તથા લાકડાના ધોકા જેવા ઘાતક હથિયારો મહેન્દ્રભાઈના માથાના ભાગે મારી ગંભીર ઈજા કરી હતી ત્યારે લીલીયા પોલીસ સ્ટેશનના પી.આઈ.એમ.ડી. સાળુંકે એ બનાવવાની ગંભીરતા સમજી આરોપીઓને તાત્કાલિક ઝડપી પાડી અને આ કામના ૬ આરોપીઓનું પંચોને સાથે રાખી ગુન્હા વાળી જગ્યા પર ડી.વાય.એસ. વિરલ ચંદન, પી પી.આઈ સાળુંકે, પી.એસ.આઈ જાડેજાની ઉપસ્થિતિમાં આરોપી સાગર ભીખાભાઈ મકવાણા ઉમર વર્ષ ૨૫ પ્રકાશ ખોડાભાઈ મકવાણા ઉંમર વર્ષ ૨૬ મીલન બાલાભાઈ મકવાણા ઉંમર વર્ષ ૧૯ હરેશ ભોળાભાઈ મકવાણા ઉમર વર્ષ ૩૨ વિશાલ ખોડાભાઈ મકવાણા ઉમર વર્ષ ૨૪ તેમજ અજય ભીખાભાઈ મકવાણા ઉંમર વર્ષ ૩૩નું લીલીયા પોલીસ દ્વારા રિકન્સ્ટ્રકશન કરાયું જેમાં સૌપ્રથમ લીલીયા સનાળીયા રોડ પર આવેલ ખોડલ હોટલ ત્યારબાદ તમામ આરોપીઓને બનાવવાળા સ્થળ પર લઈ જઈ જાહેરમાં સરભરા કરી કાયદાનું ભાન કરાવવામાં આવ્યું હતું તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું ઉનામાં બાઈક અડી જવા

ગીર સોમનાથ જિલ્લાનાં ઉનામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી હોય તેવું લાગી રહ્યુ છે. ગુનેગારોને જાણે પોલીસનો કોઈ ડર જ ન હોય તેવી સ્થિતિ ઉનામાં સર્જાઈ છે. મળતી માહિતી મુજબ, ઉનાનાં સાજન નગરમાં રહેતા ચેતન રણછોડભાઈ રાઠોડ રાત્રિનાં આશરે ૧૦ વાગ્યાનાં સમયે ગીર ગઢડા રોડ પરથી પોતાના ઘરે જઈ રહ્યા હતા. તે દરમિયાન મલ્હાર ઢોસા પોઈન્ટનાં માલિકની કાર સાથે તેમની બાઈક અડી જતા વિવાદ ઊભો થયો હતો. આ બાબતે ઢોસા પોઈન્ટનાં માલિક રવિરાજ દિલુભાઈ વાળા સહિતનાં લોકો કાર માંથી નીચે ઉતરી ચેતનભાઈને અપશબ્દો બોલી ઉશ્કેરાઈ ગયા હતા.

આરોપ છે કે હુમલાખોરોએ ચેતનભાઈને ઢીકા-પાટું માર્યા તેમજ હાથમાં પહેરેલા કડાથી કપાળનાં ભાગે ઈજા પહોંચાડી હતી, જેના કારણે તેઓ લોહી લુહાણ થયા હતા. બાદમાં ચેતનભાઈએ પોતાના પરિવારને ફોન કરી જાણ કરતા તેમના પિતા રણછોડભાઈ, ભાઈ મેહુલભાઈ તેમજ માતા અને ભાભી સ્થળ પર પહોંચ્યા હતા. પરંતુ હુમલાખોરોએ અહીં પણ કોઈ દયા રાખ્યા વગર લાકડાનાં ધોકા વડે સમગ્ર પરિવાર પર આડેધડ હુમલો કર્યો હતો.

આ ઘટનામાં ચેતનભાઈ, તેમના પિતા રણછોડભાઈ, ભાઈ મેહુલભાઈ તેમજ માતા અને ભાભી સહિતનાં પરિવારનાં સભ્યોને ઈજાઓ પહોંચી હતી. તમામ ઈજાગ્રસ્તોને સારવારઅર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ઘટનાને લઈ ઉના પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી અને પોલીસે બે લોકો વિરૂધ્ધ ગુન્હો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

જોકે ઈજાગ્રસ્ત પરિવારનો આક્ષેપ છે કે ચારથી પાંચ લોકો દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો, છતાં માત્ર બે લોકો સામે જ ગુન્હો દાખલ થતાં અસંતોષ વ્યાપ્યો છે. સમગ્ર મામલે ન્યાયની માંગ સાથે કોળી સમાજ દ્વારા આજે બપોર બાદ ઉના પ્રાંત અધિકારીને આવેદન પત્ર પાઠવવામા આવશે.

ઉનામાં વધતી આવી ઘટનાઓને લઈને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે લોકોમાં ચિંતા વ્યક્ત થઈ રહી છે.

## પાના ૧ ઉપરનું ચાલું મનોજભાઈનું માર્ગ અકસ્માતમાં મોત

વખતે તેઓ અમરેલી નજીક આવેલ ઈશ્વરીયા ગામ પછી એક કિ.મી. દુર વૈભવ કોટન જીન પાસે પહોંચતાં જીજે-૧૪-એટી-૯૯૮૯ પીળા કલરનાં ડમ્પર ચાલકે મોટર સાયકલ સાથે ભટકાવી દેતા મનોજભાઈનું ઘટનાં સ્થળે મોત નિપજેલ હતું. જયારે તેમનાં પત્ની નિમીષાબેનને માથાનાં ભાગે ગંભીર ઈજા થયેલ તથા જમણા પગે ગંભીર ઈજા પહોંચેલ હતી. તેમજ તેમનાં પુત્ર શિવાંશને પગે ઈજા થયેલ હતી. આ અંગે અમરેલી તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાતાં પોલીસે ડમ્પર ચાલકની શોધખોળ આદરેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું લાઠીનાં ઠાસા ગામનાં યુવકે

તેથી પોતે પોતાની પોતાના ઘરે ગળાફાંસો ખાઈ લેતાં તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

આ બનાવમાં લાઠી તાલુકાના ઠાસા ગામે રહેતાં અલ્પેશભાઈ સામંતભાઈ પરમાર નામનાં ૩૩ વર્ષીય યુવકના લગ્ન થયેલ ન હોય અને તેમને કાંઈ કામ ધંધો મળતો ન હોય જેથી આર્થિક સંકડામણના કારણે પોતે મુંઝવણમાં હોય તેથી પોતાની મેળે ગત તા.૧૩ ના સાંજના આશરે સાડા ચારેક વાગ્યા દરમ્યાન કોઈપણ સમયે ઠાસા ગામે પોતાના ઘરે ગળાફાંસો ખાઈ લેતાં તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું લાઠીનાં ભીંગરાડ ગામની તરૂણીને

ઈન્સ્ટ્રાગ્રામ આઈ.ડી. ઉપર આરોપી તેના ઈન્સ્ટ્રાગ્રામ આઈ.ડી Saiyad_as777 ઉપરથી તરૂણી સાથે લગ્ન કરવાનાં ઈરાદે લલચાવી ફોસલાવીને તેની સાથે મેસેજ કરી વાતચીત કરી અને ધમકાવતો હોય અને હેરાન કરતો હોય અને તરૂણી પાસેથી યેનકેન પ્રકારે દિકરીનાં ડોકયુમેન્ટ મેળવી લેતાં આ બનાવમાં તરૂણીનાં પિતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

આ બનાવમાં પોલીસ સૂત્રોમાંથી મળતી વિગત મુજબ લાઠી તાલુકાનાં ભીંગરાડ ગામે રહેતી એક તરૂણીને તે જ ગામે રહેતો અલફાજ કાદરભાઈ સૈયદ નામનાં ઈસમે છેલ્લા એકાદ વર્ષથી ઓનલાઈન તરૂણીનાં ઈન્સ્ટ્રાગ્રામ આઈ.ડી. ઉપર આરોપી તેના ઈન્સ્ટ્રાગ્રામ આઈ.ડી Saiyad_as777 ઉપરથી તરૂણી સાથે લગ્ન કરવાના ઈરાદે લલચાવી ફોસલાવીને તેની સાથે મેસેજ કરી વાતચીત કરી અને ધમકાવતો હોય અને હેરાન કરતો હોય અને તરૂણી પાસેથી યેનકેન પ્રકારે દિકરીનાં ડોકયુમેન્ટ મેળવી લેતાં આ બનાવમાં તરૂણીનાં પિતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

## પાના ૮ ઉપરનું ચાલું દામનગરનાં એક ગોડાઉનમાંથી

૫૫ હજાર અને રોકડ રકમ રૂપિયા ૩,૨૪૦ મળી કુલ મળી રૂપિયા ૫૭,૮૯,૮૬૪નો મુદ્દામાલ કબજે કર્યો છે.

પોલીસ તપાસ મુજબ જપ્ત કરાયેલ દારૂ આંધ્રપ્રદેશ, ઉત્તરપ્રદેશ અને ગોવાના વિવિધ ડિસ્ટિલરીમાંથી બનાવવામાં આવ્યો હતો અને ગેરકાયદે રીતે દામનગર વિસ્તારમાં લાવવામાં આવ્યો હતો.

આ કાર્યવાહી દરમિયાન પોલીસે ૬ આરોપીઓને ઝડપી પાડ્યા છે. જેમાં દામનગરના કેશિક ઉર્ફે કાવો ભરતભાઈ ગોહિલ અને વિષ્ણુપરી હિમતપરી ગોસ્વામી, સિકંદર ઉર્ફે ભાભા કાલુભાઈ પઠાણ તથા જયેશ જગજીવન જાદવ (રે.બોટાદ) સહિત અમદાવાદ અને મહારાષ્ટ્રના આરોપીઓનો સમાવેશ થાય છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે, આ બંને દામનગરના સ્થાનિક આરોપીઓ દારૂના રિસીવર તરીકે કામ કરતા હતા, જયારે ટ્રક ડ્રાઈવર અને ક્લીનર પણ આ ગેરકાયદે વહિવટમાં સંડોવાયેલા હતા.

પોલીસે વધુમાં જણાવ્યું કે આ કેસમાં કુલ ૬ આરોપી ફરાર છે, જેમાં અમદાવાદનો વિરજ પ્રવિંચંદ્ર રાણા મુખ્ય સપ્લાયર તરીકે સામે આવ્યો છે. ઉપરાંત ગોવાના બે અજાણ્યા શખ્સો અને જપ્ત કરાયેલા ટ્રક નં. જીજે-૦૧-સીવી-૧૭૭૩નો માલિક, કાર નં. જીજે-૦૧ આરઈ- ૮૩૧૨નો માલિક, બીજી કાર નં. જીજે-૦૧-આરબી-૮૫૧૨નો માલિક તથા બાઈક નં. જીજે-૧૪ એએસ-૮૩૩૫નો માલિકની પણ પોલીસ શોધખોળ કરી રહી છે.

આ સમગ્ર કાર્યવાહી એસએમસીના પી.આઈ. આર.કે. કરમટા તથા તેમની ટીમ દ્વારા કરવામાં આવી હતી. દામનગર પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરી આગળ ની તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસેજણાવ્યું કે જિલ્લામાં દારૂના ગેરકાયદે વ્યવસાય સામે આવી કાર્યવાહી આગળ પણ ચાલુ રહેશે અને સંડોવાયેલા તમામ આરોપીઓને ઝડપી પાડવામાં આવશે.

# સાવરકુંડલા : કાઠી વિદ્યાર્થી ભવનમાં લાયબ્રેરી હોલનું લોકાર્પણ, પ્રથમ બેચના વિદ્યાર્થીઓનો સત્કાર









સાવરકુંડલા ખાતે દરબાર પીઠાબાપુ વાજસુરબાપુ ખુમાણ (શેલણાં) કાઠી વિદ્યાર્થી ભવનમાં નવી લાઈબ્રેરી હોલનું લોકાર્પણ ભવ્ય રીતે યોજાયું હતું. આ પ્રસંગે રાજયનાં મંત્રી કૌશિક વેકરિયા તેમજ સાસંદ સુતરીયા ખાસ હાજર રહ્યા હતા. અને સમગ્ર આયોજનને બિરાદાવ્યું હતું. કાર્યક્રમ દરમ્યાન પ્રથમ બેચના વિદ્યાર્થીઓના સત્કાર સમારોહનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓના પરિશ્રમ, સંઘર્ષ અને સિધ્ધિઓને સરાહવામાં આવી હતી. મહેમાનો દ્વારા વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી તેમના ભવિષ્ય માટે પ્રેરણાદાયક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મંત્રી અને સાસંદે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે શિક્ષણક્ષેત્રે આવી પહેલો સમાજ માટે પ્રેરણાસ્ત્રોત બની રહે છે અને યુવાનોને ઉજજવળ ભવિષ્ય તરફ દોરી જાય છે. નવી લાઈબ્રેરી હોલ વિદ્યાર્થીઓને અભ્યાસ માટે ઉત્તમ સુવિધા પૂરી પાડશે, જે તેમના શૈક્ષણિક વિકાસમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપશે. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં આગેવાનો, સમાજના પ્રતિષ્ઠિત વ્યકિતઓ અને સ્થાનિક લોકો ઉપસ્થિત રહ્યા હતા, જેના કારણે સમગ્ર વાતાવરણ ઉત્સાહભર્યુ બની ગયું હતું.

# ચલાલા : રક્ષા શકિત ગર્લ્સ સ્કૂલની દીકરીઓને દાતા દ્વારા સાયકલ અપાઈ






પ.પુ. સંત ડો. રતિદાદાના સાનિધ્યમાં ચાલતી યુગ નિમાર્ણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા સંચાલિત રક્ષા શકિત ગર્લ્સ સ્કૂલ કે જેમાં માત્ર માત્ર શિક્ષણ જ નહિ, પણ શિક્ષણની સાથે સાથે સંસ્કાર અને દીકરીઓના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નો કરે છે, સ્કુલમાં કરાટે, ધનુવિદ્યા, સ્કેટિંગ, ઘોડે સવારી, રાઈફલ શુટિંગ, ઓપ્ટીકલ તૈયારી જેવી અનેક સહ અભ્યાસીક પ્રવૃતિમાં કરાવવામાં આવે છે. તાજેતરમાં જ રક્ષા શકિત ગર્લ્સ સ્કુલના લેન્ડ ડોનર અમેરિકા સ્થિત દાતા કનુભાઈ તેજુરા તથા હંસાબેન તેજુરા દ્વારા સ્કુલની દીકરીઓ માટે ૧૦ સાયકલ લઈ આપવામાં આવી છે. રક્ષા શકિત સ્કૂલમાં દીકરીઓ હોસ્ટેલમાં રહેતી હોય છે, ત્યારે તેઓ જીવન કૌશલ્ય શીખે, આત્મવિશ્વાસ, શિસ્ત અને નવી બાબતો શીખવાની ભાવના વિકસે તેવા હેતુથી શીખવા માટે આ સાયકલ અપાઈ છે. ભારતભૂષણ મહેતાએ દાતા કનુભાઈ તેજુરા તથા હંસાબેન તેજુરાનો હદયપૂર્વક આભાર વ્યકત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, જે દિકરીઓને સાયકલ ન આવડતી હોય તેમને સાઈકલ શીખવા માટે આ પ્રવૃતિ ખુબ જ ઉપયોગી સાબિત થશરે અને સાયકલ શીખ્યા પછી ભવિષ્યમાં દીકરીઓને બાઈક શીખડાવવાનું અને ફોરવ્હીલ શીખડાવવાનું પણ આયોજન છે જેથી આવનાર સમયમાં દીકરીઓ પણ માં-બાપ માટે દીકરો બનીને મદદરૂપ થઈ શકે તેવો ઊંડો હેતુ પ્રગટ કર્યો હતો.

### પક્ષ દ્વારા થતાં અન્યાયથી ત્રાહીમામ થયા

## અમરેલીના વર્ષો જુનાં કોંગી અગ્રણી ડી.ડી. પરમારની ટિકિટ કપાતા નારાજ

### કોંગ્રેસ પક્ષમાંથી રાજીનામુ ધરી દેતાં ચકચાર

અમરેલી, તા. ૧૪

કોંગ્રેસ પાર્ટીના દિગ્ગજ નેતા, વફાદારીનુ પ્રતિક દલિત આગેવાન,પાર્ટીમા સૌથી સિનિયર ચૂંટણી મેનેજમેટ કુશળ એડવોકેટ ડી.ડી.પરમારની કોઈપણ કારણ વિના ટિકિટ કાપવામાં આવતા સખત નારાજ.

મળતી માહિતી મુજબ કોંગ્રેસ પાર્ટી દ્વારા અમરેલી શહેરના વોર્ડ નં(૯)માં ૨૦૧૫માં જંગી લીડથી અને અનુસૂચિત જાતી અનામત સીટ ઉપર ચૂંટાયેલા, ડી.ડી.પરમારના પત્ની બાલુબેન પરમારની ટિકિટ કોઈપણ કારણ વગર સને.૨૦૨૧ની પાલિકાની ચૂંટણીમાં કાપવામાં આવી હતી. અને એ સમયે પાર્ટીના નેતાઓ દ્વારા જણાવવા માં આવ્યું હતું કે આવતી વખતે ફરી તમને લડાવશું તેવું વચન



આપવા આવેલ, અને પાર્ટીની વાત માની, પાર્ટીની વિચારધારાને વરેલા ડી.ડી.પરમારે સાથે રહી સખત મહેનતથી આ ઉમેદવારને તથા આખી પેનલને જીતવામાં પોતાની કુશળતા સાથે તમામ પ્રકારની શક્તિ લગાડીને પેનલને ભવ્ય વિજય અપાવ્યો,

દુઃખની વાતએ છે કે વારંવાર અમારી ટિકિટ શા માટે કાપવામાં આવે છે ? હાલ ટિકિટ કાપી નાખવામાં આવતા અને પાર્ટીના વફાદાર સિનિયર આગેવાન એવા ડી.ડી. પરમારને અત્યંત આઘાત લાગતા હાલ તેમને કોંગ્રેસના તમામ આગેવાનોને મળવાની ના પડી દીધેલ છે અને કોંગ્રેસ પાર્ટીમાંથી પ્રાથમિક ધોરણે પાર્ટીમાંથી તમામ હોદા પરથી રાજીનામુ આપી દીધેલ છે. તેઓને પૂછતા આગળની શું યોજના છે ? તેઓએ જણાવ્યુ હતુ કે હાલ આરામ ના મૂડમાં છું અને ભવિષ્યમાં કોઈ નિર્ણય લઈશ.

હાલ ભજન ન આગેવાનો તથા આપ પાર્ટી ના આગેવાનો તેમને મળવાં માટે પ્રયત્ન કરી રહ્યા છે અને ફોન કરી રહ્યા છે.

### મોટો અકસ્માત થાય તે પહેલા યોગ્ય કરો

## દામનગરમાં સરદાર સર્કલ નજીક પાણીનાં નિકાલની જાળી જર્જરીત હાલતમાં

### વિકાસની વાતો નહી સમસ્યાનુ નિરાકરણ કરો

દામનગર, તા. ૧૪

દામનગર હવેલી અને સરદાર સર્કલ પાસે મુખ્ય અને જાહેર રસ્તા પર પાણીનાં નિકાલ માટેની જાળી જર્જરીત હાલતમાં છે, આ જાળીને સ્થાનિક કહેવાતા રાજકારણી અને સરકારના લોકો જોવે છે છતાં આંખ આડા કાન કરે છે, અને ભૂરખીયા ચોકડીએ ડાયવર્ઝન આપેલ હોય મોટા ભાગના વાહનો આ સર્કલ નજીકથી પસાર થતા હોય મોટો અકસ્માત થવાની ભીતિ રહ્યા કરતી હોય, એક બાજુ ચૂંટણી નજીક હોય પ્રચાર શરૂ છે, ઠીક છે, પરંતુ અહીંથી




ગામનાં નેતાઓ અને વિકાસની વાતો કરવાવાળા લોકો પસાર થાય છે ને આંખ આડા કાન કરે છે. અત્યારે વહીવટદર હોય, તાકીદે અકસ્માત થાય તે પહેલાં આ જાળી માટે યોગ્ય કામ થાય એવી માંગ છે.

### આયોજકો દ્વારા તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે

## તીર્થભૂમિ પાલીતાણાનાં આંગણે શનિવારથી પુ.મોરારિબાપુનાં શ્રીમુખેથી ગુંજશે શ્રી રામ નામનુ ગાન

### જડેશ્વર મહાદેવનાં પ્રાંગણમાં કથાનુ ગાન થવાનુ છે



અમરેલી, તા. ૧૪

સમગ્ર ભારતના નકશામાં જૈન તીર્થસ્થાન તરીકે જેનું આગવું અને પવિત્ર નામ છે તેવા તીર્થભૂમિ પાલીતાણાના આંગણે પૂ. મોરારિબાપુ રામ ચરિત માનસની વ્યાસપીઠ લઈને ૪૮ વર્ષ પછી ફરી પધારી રહ્યાં છે. આ અગાઉ સને ૧૯૭૭ અને સને ૧૯૭૪માં પૂ. મોરારિબાપુના વ્યાસાસને રામકથાનું ગાન થઈ ચૂક્યું છે. એટલે કે આ ભૂમિ પર બાપુની કથાનો ક્રમ ત્રીજો છે. પરંતુ કથાના કુલ ક્રમમાં આ કથા હવે ૯૭૬ મી રામકથા શનિવારથી પાલીતાણા તીર્થભૂમિ ખાતે સગાપરા ધાર ખાતે કૈલાસ ટેકરી અને જડેર મહાદેવની નિશ્રામાં પૂ. લાલગીરી બાપુની પાવન સંનિધ્ધિમાં ગુંજી ઉઠશે.

પાલીતાણાથી ચાર કિલોમીટર દૂર સ્વયંભુ જડેર મહાદેવના પ્રાંગણમાં કથાનું ગાન થવાનું છે. કથાની સાથે અનેક પ્રકારના સેવા સંકલ્પો પણ જોડાઈ ગયાં છે. જેમાં ૧૩ કરોડ રામનામનું લેખન, રામ રથયાત્રાઓ અને પાલખીયાત્રાઓ, સાધુ સંતોને પ્રસાદ કીટ અને રામવાટિકાઓથી વૃક્ષારોપણનો સમાવેશ છે. હનુમાનજી મંદિર અને ગણેશ મંદિરની પ્રાણપ્રતિષ્ઠા પણ યોજાશે. કથાના યજમાન પૂ. લાલગીરીબાપુ ગુરૂ વિજયગીરીબાપુ અને તેનો સમગ્ર સેવકગણ આ કથાની સફળતા માટે દિન રાત પ્રયત્નો કરી રહ્યો છે. કથા દરમિયાન પૂ.જગતગુઢ શંકરાચાર્ય સદાનંદ સરસ્વતીજી શરણાનંદજી, સચ્ચિદાનંદ સરસ્વતીજી, શેરનાથ બાપુ, અવધેશાનંદગીરીજી અને જૈન મુનિ લોકેશનજી જેવા રાષ્ટ્રીય કક્ષાએ અગ્રણી ભૂમિકા ભજવતા સંતો પણ આ કથા દરમિયાન ઉપસ્થિત રહેશે.

આ કથાની એક બીજી વિશેષતા એ છે કે પૂ.મોરારીબાપુનુ કથા નિવાસ્થાન ત્યાંથી ૩૬ કીમી દૂર કદમગીરીની પર્વતમાળામાં રહેવાનું છે. બાપુ નિવાસ્થાનથી કથા સ્થળ સુધી આવન જાવન કરવા માટે હેલિકોપ્ટરનો ઉપયોગ કરવાના છે. તે કદાચ પહેલી વખત આવું આયોજન થઈ રહ્યું છે.

કથાનું શિર્ષક ઘણાં સમય પહેલાં સુનિશ્ચિત થઈ ચૂક્યું છે તે છે ' 'માનસ નવકાર મંત્ર'' પરંતુ આ નવ મંત્રો હિન્દુ ધર્મના છે. હરિ ઓમ, કૃષ્ણ શરણમ મમ, ઓમ નમઃ શિવાય વગેરેના વિચાર ગર્ભની ચર્ચા અને સંવાદ સનાતન ધર્મના સંદર્ભમાં થશે.

કથા આયોજન સમિતિના તમામ સદસ્યો અને આજુબાજુના ગામોના મંડળો દિન રાત આયોજનને સફળ કરવા માટે પોતાનો પ્રસંગ સમજીને તનતોડ મહેનત કરી રહ્યા છે.

### રાજયનાં ઉર્જામંત્રી કૌશિક વેકરિયાનાં સહયોગથી

## બાબરા પંથકમાં ગીરગંગા ટ્રસ્ટ દ્વારા ચેકડેમો ઊંડા ઉતારવાની કામગીરીનો પ્રારંભ

### ધારાસભ્ય જનક તળાવીયા સતત આપે છે માર્ગદર્શન



બાબરા, તા. ૧૪

બાબરા તાલુકામાં પાણીનાં તળ ઊંચા લાવવા અને ખેડૂતોની સમૃધ્ધિ માટે ગીરગંગા પરિવાર ટ્રસ્ટ ધ્વારા જળ સંચય અભિયાનનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. રાજયનાં ઉર્જામંત્રી કૌશિકભાઈ વેકરીયાનાં વિશેષ સહયોગ અને ધારાસભ્ય જનકભાઈ તળાવીયાનાં માર્ગદર્શન હેઠળ આ લોકકલ્યાણનું કાર્ય વેગ પકડી રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે, હાલમાં અમરેલી જિલ્લાનાં ૧૬૦જેટલા ગામોનાં વિકાસ માટે ઐતિહાસીક જળસંચય અભિયાન ચાલી રહ્યું છે. જેમાં વિવિધ ગામનાં જુના ચેકડેમોનું રિપેરીંગ અને તેને ઊંડા ઉતારવાની કામગીરી કરવામાં આવી રહી છે. આ ઉપરાંત, વોકળાઓ પર નાના પાળા બાધીને વરસાદી પાણીને વહી જતું અટકાવવા માટેનાં ગંભીર પ્રયાસો થઈ રહ્યા છે. જેના કારણે ગામનાં સીમ વિસ્તારમાં પીવાનાં અને સિંચાઈનાં પાણીની સમસ્યા નોંધપાત્ર રીતે હળવી થશે.ગીરગંગા પરિવાર ટ્રસ્ટ છેલ્લા ઘણા સમયથી સૌરાષ્ટ્રમાં ''જળ એ જીવન''નાં મંત્ર સાથે કાર્યરત છે. ટ્રસ્ટ ધ્વારા અત્યાર સુધીમાં ૯૦૦૦ થી વધુ જળ સ્ટકચરોનું નિર્માણ સંપત્ર કરવામાં આવ્યું છે. આ ભગીરથ કાર્યનાં પરિણામે જે વિસ્તારોમાં ઉનાળામાં પાણીનાં શૂન્ય તળ હતી, ત્યાં આજે પાણી ઉપલબ્ધ છે. જળસંચયનાં કારણે ખેતીનાં પાકમાં વધારો થયો છે અને પશુપાલકો માટે ઘાસચારાની સુવિધા પણ સરળ બની છે.હાલમાં બાબરા તાલુકાનાં ગામોમાં હિટાચી મશીન ધ્વારા ચેકડેમોની સંગ્રહ ક્ષમતા વધારવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે.

આ તકે ઉર્જામંત્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું કે, જળ સંચયએ આવનારી પેઢી માટેની સૌથી મોટી મૂડી છે અને ગીરગંગા પરિવાર ટ્રસ્ટ આ દિશામાં પ્રશંસનીય ઉદાહરણ પૂરૂ પાડી રહ્યું છે. આ અભિયાનમાં સ્થાનિક અગ્રણીઓ, ખેડૂતો અને ગ્રામજનો પણ શ્રમદાન આપીને ઉત્સાહભેર જોડાઈ રહ્યા છે.

### ગટરોના પ્રશ્નોથી સ્થાનિકોમાં ભારે રોષ

## પ્રચારમાં નીકળેલા ભાજપના ઉમેદવારોને મતદારોએ ઘેર્યા

### ચૂંટણી પ્રચારમાં ઢોલ નગારા સાથે આવતા ઉમેદવારો સામે સ્થાનિકો પ્રાથમિક સુવિધાના પ્રશ્નો અંગે સતત સવાલો ઉઠાવતા જોવા મળ્યા

વડોદરા,તા.૧૪

વડોદરા શહેરની રાવપુરા વિસ્તારમાં આવેલી કાપડી પોળમાં ઉભરાતી ગટરોના પ્રશ્નોથી સ્થાનિકોમાં ભારે રોષ વ્યાપ્યો છે. ચૂંટણી પ્રચારમાં ઢોલ નગારા સાથે આવતા ઉમેદવારો સામે સ્થાનિકો પ્રાથમિક સુવિધાના પ્રશ્નો અંગે સતત સવાલો ઉઠાવતા જોવા મળ્યા હોવાનો વિડીયો વાયરલ થયો હતો. વડોદરા મહાનગર પાલિકાની ચૂંટણી આગામી તા. ર૬મીએ યોજાશે. આ અંગે ઉમેદવારોના ફોર્મની ચકાસણી પણ થઈ ગઈ છે ત્યારબાદ હવે ઉમેદવારોએ પોતપોતાના વિસ્તારમાં ચૂંટણી પ્રચાર માટે ઢોલ નગારાના તાલે મતદારોને આકર્ષવા ઘરે ઘરે રૂબરૂ સંપર્ક કરવાનું શરૂ કર્યું હતું. આવી જ રીતે શહેરની મધ્યમાં આવેલા રાવપુરા વિસ્તારની કાપડી પોળમાં ઢોલ નગારા વગાડતા કાર્યકરો સાથે ઉમેદવારોએ મતદારોનો રૂબરૂ સંપર્ક કરવાનું શરૂ કર્યું હતું. જ્યારે બીજી બાજુ કાપડી પોળમાં ગટરના ગંદા પાણી ઉભરાવવાનો કાયમી પ્રશ્ન હોવાથી સ્થાનિકોએ પ્રચારમાં આવનારા ઉમેદવારો સમક્ષ પ્રાથમિક સુવિધાઓ અંગે સવાલો ઉઠાવવાનું શરૂ કર્યું હતું. આ ઘટના વખતે સ્થાનિકોએ પોતાના વિવિધ સ્થાનિક પ્રશ્નો અંગે અને સુવિધાઓ નહિ મળવા બાબતે પણ ઉમેદવારો સમક્ષ સતત પ્રશ્નોનો મારો વરસાવ્યો હતો. જેથી ઉમેદવારો અને સ્થાનિક રહીશો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી અને ઉગ્ર વાતાવરણ જોઈને આખરે ઉમેદવારોને ચુપકીદી સેવીને સ્થળ છોડીને ચાલ્યા જવાની ફરજ પડી હતી.

# સૂર્યપ્રતાપગઢમાં મહિલા દ્વારા ૧ હજાર ૧૧ શ્રીફળનું કીડીયારૂ પૂરી પક્ષીઓ માટે ૨૫૧ ચકલી ઘરનું વિતરણ કર્યુ






વડીયા, વર્તમાન સમયમાં જયારે લોકો પોતાની દોડધામ ભરી જિંદગીમાં વ્યસ્ત છે, ત્યારે અમરેલી જિલ્લાના વડીયા તાલુકાના સૂર્યપ્રતાપગઢ ગામે જીવદયાનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરૂ પાડ્યું છે. સમસ્ત ગામની મહિલાઓ દ્વારા આયોજિત એક અનોખા સેવાકીય અભિયાન અંતર્ગત કાળઝાળ ગરમીમાં મૂંગા જીવોની જઠરાગ્નિ ઠારવા માટે ભવ્ય ''કીડીયારૂં પૂરવા''ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પાંચ દિવસની અવિરત મહેનત અને ભકિતભાવ આ સેવાકીય પ્રવૃત્તિ પાછળ ગામની મહિલાઓની પાંચ દિવસની સખત મહેનત રહેલી છે. ગામની બહેનોએ એકત્રિત થઈને કુલ એક હજાર અગિયાર શ્રીફળ તૈયાર કર્યા હતા અને દરેક શ્રીફળમાં ખૂબ જ ચોકસાઈથી ડ્રિલમશીન વડે હોલ (કાણું) પાડવામાં આવ્યા અને આ શ્રીફળોમાં કીડીઓ માટે પૌષ્ટિક આહાર એવા ગોળ, લોટ, ખાંડ અને તેલ સહિતનું મિશ્રણ ભરીને તેને તૈયાર કરવામાં આવ્યા હતા.ભરબપોરે જયારે સુરજ દાદા આકરા તાપ વરસાવતા હતા, ત્યારે સૂર્યપ્રતાપગઢ ગામની સમસ્ત મહિલાઓ જરા પણ વિચલિત થયા વગર શ્રીફળ ટ્રેક્ટરની લારીમાં ભરીને સીમ વિસ્તાર તરફ પ્રયાણ કર્યુ હતું. આ દ્રશ્ય કોઈ ધાર્મિક ઉત્સવ જેવું ભાસતું હતું.વાજતે ગાજતે તાળીઓના તાલે ભકિતમય ધૂન સાથે મહિલાઓ ભકિતભાવ પૂર્વક સીમમાં કીડીયારૂં પૂરવા નીકળી હતી. ખેતરો અને સીમ વિસ્તારમાં જયાં કીડીઓના દર હોય ત્યાં આ શ્રીફળો મૂકીને અબોલ જીવોની સેવા કરવામાં આવી હતી માત્ર કીડીઓ જ નહીં, પણ આકાશમાં વિહરતા પક્ષીઓની પણ આ ગ્રામજનોએ ચિંતા કરી છે. લુપ્ત થતી જતી ચકલીઓને બચાવવા અને તેમને આશરો આપવા માટે સમસ્ત ગામ દ્વારા ૨૫૧ ચકલીઘર તૈયાર કરવામાં આવ્યા હતા. આ ચકલીઘરનું વિતરણ અને સ્થાપન કરીને પર્યાવરણ જતનો સંદેશ વહેતો કરવામાં આવ્યો હતો. ગામના આગેવાનોના જણાવ્યા અનુસાર સૂર્યપ્રતાપગઢની મહિલાઓએ આ કાર્ય દ્વારા સાબિત કરી દીધું છે કે ભારતીય સંસ્કૃતિમાં ''વસુધૈવ કુટુંબકમ''ની ભાવના માત્ર માણસો પૂરતી મર્યાદિત નથી, પરંતુ કીડીથી લઈને હાથી સુધીના તમામ જીવો પ્રત્યે દયાભાવ રાખવો એ જ સાચો ધર્મ છે. આ અનોખા કાર્યક્રમથી સમગ્ર પંથકમાં સૂર્યપ્રતાપગઢ ગામની અને ખાસ કરીને મહિલાઓની આ જીવદયા પ્રેમી પ્રવૃત્તિની ભારે પ્રશંસા થઈ રહી છે. આ ભગીરથ કાર્યમાં ગામના યુવાનો અને વડીલોએ પણ સહયોગ આપી પ્રોત્સાહન પૂરૂ પાડ્યું હતું.




## આર્થિક સંકડામણથી ઘેરાઈ ગયા

# લાઠીનાં ઠાસા ગામનાં યુવકનો બેરોજગારીથી કંટાળી ગળાફાંસો

### માત્ર ૩૩ વર્ષથી વયે અંતિમવાટ પકડી

અમરેલી,તા.૧૪

હાલની કાળઝાળ મોંઘવારી અને અને યુવકોને પુરતી રોજગારી પણ મળતી ના હોય ત્યારે કેટલાંક યુવકો હતાશામાં આવી જઈ અને આપઘાત કરી લેતાં હોય છે. આવો જ એક બનાવ લાઠી તાલુકાના ઠાસા ગામે બનેલ છે. જેમાં એક ૩૩ વર્ષીય યુવકના લગ્ન થયેલ ન હોય અને તેમને કાંઈ કામ ધંધો મળતો ન હોય જેથી આર્થિક સંકડામણના કારણે મુંઝવણમાં હોય

અનુસંધાન પાના ૬ ઉપર

## કાયદામાં રહેશો તો ફાયદામાં રહેશો : ડીવાયએસપી

# લીલીયાનાં સનાળીયા ગામે થયેલ મારામારીની ઘટનાનાં આરોપીઓનું રીકન્ટ્રકશન કરાયુ

### તમામ આરોપીઓને કાયદાનુ ભાન કરાવાયુ



અમરેલી, તા. ૧૪

લીલીયા તાલુકાના સનાળીયા ગામે થોડા દિવસો પહેલા મારામારીની ઘટના બની હતી જેમાં સનાળીયા ગામે આવેલ પંચદેવ મંદિરની બાજુમાં રહેતા યુવરાજભાઈ ભરતભાઈ ઢીમેચા નામના ૧૯ વર્ષીય રત્નકલાકારે તે જ ગામના રહેતા આરોપી અજય ભીખાભાઈ મકવાણાના નામ પર ફાઈનાન્સથી મોટર સાયકલ લીધેલ હતી અને રત્નકલાકાર આરોપીને ફાઈનાન્સના હપ્તા ભરવા પૈસા આપતા હતા પરંતુ આરોપી હપ્તા ભરતા ના હોય જે બાબતે

અનુસંધાન પાના ૬ ઉપર

## કાયદો અને વ્યવસ્થાને લઈને ચિંતા ઉપજાવે તેવો કિસ્સો

# ઉનામાં બાઈક અડી જવા જેવી સામાન્ય બાબતે યુવક અને પરિવારજનો પર હુમલો

### બનાવ અંગે પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી

ઉના, તા. ૧૪

ગીર સોમનાથ જિલ્લાનાં ઉના શહેરમાં ગીર ગઢડા રોડ પર આવેલી મલ્હાર ઢોસા પોઈન્ટ પાસે બાઈક અડવા જેવી સામાન્ય બાબતે ગંભીર મારામારીની ઘટના સામે આવી છે. ઘટનામાં યુવક અને તેના પરિવારનાં સભ્યોને આડેધડ માર મારવામાં આવતા પોલીસ ફરિયાદનોંધાઈ છે.

અનુસંધાન પાના ૬ ઉપર



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

## ગામનો જ ઈસમ ઈન્સ્ટ્રાગ્રામ થકી ધમકી દેતો હતો

# લાઠીનાં ભીંગરાડ ગામની તરૂણીને ધમકાવતા ઈસમ વિરૂઘ્ધ ફરિયાદ નોંધાઈ

### તરૂણીનાં પિતાની ફરિયાદનાં આધારે તપાસ શરૂ

અમરેલી, તા. ૧૪

લાઠી તાલુકાનાં ભીંગરાડ ગામે રહેતી એક તરૂણીને તે જ ગામે રહેતો એક ઈસમ છેલ્લા એકાદ વર્ષથી ઓનલાઈન તેણીનાં ઈન્સ્ટ્રાગ્રામ થકી

અનુસંધાન પાના ૬ ઉપર

## ગાંધીનાં ગુજરાતમાં મોટા પ્રમાણમાં દારૂની હેરાફેરી

# ઓહો હો : દામનગરનાં એક ગોડાઉનમાંથી વિદેશી દારૂની ૭૬૮૬ બોટલ ઝડપી લેતી એસએમસી

### એસએમસીએ કુલ રૂપિયા ૫૭.૮૯ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

અમરેલી, તા. ૧૪

દામનગર ગામે સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા કરવામાં આવેલી પ્રોહિબિશન રેડ દરમિયાન એક ગોડાઉનમાંથી મોટી માત્રામાં વિદેશી દારૂ, વાહનો, મોબાઈલ અને રોકડ મળી કુલ રૂપિયા ૫૭.૮૯ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. પોલીસે આ મામલે ૬ આરોપીઓને ઝડપી લીધા છે જયારે વધુ ૬ આરોપીઓ ફરાર છે.

આ બનાવમાં અમરેલી જિલ્લામાં દારૂના ગેરકાયદે ધંધા પર લગામ લગાવવા માટે સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા લાઠી તાલુકાના દામનગર ગામે ગુરૂકુલ નજીક આવેલા એક ગોડાઉન પર દરોડો પાડતા પોલીસે ૭,૬૮૬ બોટલ વિદેશી દારૂ જપ્ત કર્યો



હતો, જેની અંદાજિત કિંમત રૂપિયા ૧૬.૯૧ લાખ થાય છે.

આ સાથે જ રેડ દરમિયાન ૪ વાહનો કિંમત રૂપિયા ૪૦.૪૦ લાખ, ૭ મોબાઈલ ફોન કિંમત રૂપિયા

અનુસંધાન પાના ૬ ઉપર


















## શહેરી વિસ્તારમાં શ્વાન અને ગ્રામ્ય વિસ્તારમાં સિંહથી પરેશાની

# લાઠીના કૃષ્ણગઢ ગામે સિંહે એક વ્યકિતને પગમાં બચકા ભર્યા

### ઈજાગ્રસ્ત થયેલ આધેડને સારવારમાં ખસેડાયા



અમરેલી, તા. ૧૪

લાઠીનાં કૃષ્ણગઢ ગામે રહેતા આધેડ હરેશભાઈ ચુડાસમા સવારે બાથરૂમ જતાં હોય અચાનક આવી ચડેલ સિંહે હુમલો કરી પગનાં ભાગે બચકા ભરતાં અને રાડારાડ થતાં અન્ય ગ્રામજનો આવી જતાં સિંહે ચાલતી પકડી હતી.

ઈજાગ્રસ્ત થયેલ આધેડને અમરેલી સિવીલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, જિલ્લાનાં મુખ્ય મથક અમરેલી સહિતનાં શહેરોમાં રખડુ શ્વાન નાગરિકોને બચકા ભરે કે દોડાવતાં હોય છે તો ગ્રામ્ય વિસ્તારમાં સિંહ અને દીપડા પણ હુમલા કરી રહ્યા છે.

## મોબાઈલ, હીરાની વીંટી, સોનાનો નેકલેશ આપવાનાં નામે

# લાઠી ખાતે રહેતી એક પરિણીતા સાથે રૂપિયા ૨.૬ લાખની છેતરપીંડી

### અલગ–અલગ ઓનલાઈન ટ્રાન્જેકશન કરાવી નાણા પડાવી લીધા

અમરેલી, તા. ૧૪

કોઈ અજાણ્યા આરોપીએ અલગ–અલગ અજાણ્યા મોબાઈલ નંબરો ઉપરથી લાઠી ગામે રહેતી એક પરિણીતાનાં ફોનમાં વોટસએપ કોલ કરી અને તેણીને એપલનો મોબાઈલ તેમજ હીરાની વીટી તેમજ સોનાનો નેકલેશ તેમજ ચોકલેટ મોકલી

અનુસંધાન પાના ૬ ઉપર






*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)